સુવિચાર

સારા વિચારો, સારા શબ્દો, અને સારા કાર્યો જ સફળ જીવનની ચાવી છે...

RNI Reg. GUJGUJ/2010/44893

યોથી જાગીરનો પડકાર

મુખ્ય સમાચાર

MUKHYA SAMACHAR (DAILY EVENING)
mukhyasamachardaily@gmail.com

સાંધ્ય દૈનિક

પરાબજારપાસે દાણાપીઠમાં ત્રણ દુકાનના તાળા તોડી રોકડ અને તેલના ડબ્બાની ચોરી P-4

Year-16, Issue-228 ■ DATE : 08-01-2026 THURSDAY ■ Retail Selling Price : Rs. 3/- ■ Page-4 ■ DAILY EVENING (MONDAY TO SATURDAY) Language : GUJARATI

મહેસુલ સંબંધી ૧૬ કાયદા બદલાવી નવો જમીન વહીવટી કાયદો લાગૂ કરાશે

ગુજરાત સરકારે કવાયત આરંભીઃ મહેસુલી કાયદાને સરળ બનાવવાના પ્રયાસોમાં એક મહત્વનું કદમઃ કાયદા સરળ બનાવવાની ભલામણો સૂચવવા રાજ્ય સરકારે કમિટીનું ગઠન કર્યા બાદ મેરેથોન બેઠક યોજી

મુખ્ય સમાચાર, ગાંધીનગર

મહેસુલી કાયદાને સરળ બનાવવાના પ્રયાસોમાં રાજ્ય સરકાર વધુ એક મહત્વનું કદમ ઉઠાવવાની તૈયારીમાં છે. મહેસુલ સંબંધી પ્રવર્તમાન વધુ કાયદાઓના સ્થાને નવો ગુજરાત જમીન વહિવટ કાયદો લાગૂ કરવાની વિચારણા હાથ ધરવામાં આવી છે.

મહેસુલી ક્ષેત્રમાં વિવાદો રોકવા તથા કાયદા સરળ બનાવવાની ભલામણો સુચવવા રાજ્ય સરકારે કમીટીનું ગઠન કર્યું હતું તેના દ્વારા બે દિવસની મેરેથોન બેઠક યોજીને સમગ્ર કાનૂની માળખા પર મંથન કરવામાં આવ્યું હતું. કમીટીએ એવું તારણ દર્શાવ્યું હતું કે જમીન તથા મહેસુલ સંબંધી અનેકવિધ કાયદા-નિયમોને કારણે સમગ્ર પ્રક્રિયા ઝંઝટભરી છે અને પરિણામે વારંવાર વિવાદો થતાં રહે છે.

એકાદ ડઝનથી વધુ જોગવાઈઓને કારણે કાયદો સરળ-તાથી લાગૂ થઈ શકતો નથી અને કાનૂની વિવાદો વધી જાય છે. આ સંજોગોમાં પ્રવર્તમાન કાયદાની ૧૬ જોગવાઈઓને એક સૂત્રતિત એકઠી કરીને નવો સીંગિલ કાયદો ઘડવાની જરૂર છે.

રાજ્ય સરકારના માહિતગાર સૂત્રોએ કહ્યું કે નવા સૂચિત કાયદામાં જમીન રેકર્ડ, મહેસુલી વહિવટ અને તેને સંલગ્ન કાનૂની પ્રક્રિયાને આવરી લેવામાં આવશે. વહીવટી સરળતાની સાથોસાથ કાર્યક્ષમતા પણ વધી જશે. રાજ્ય સરકારે ભૂતકાળમાં ૨૦૧૨માં પણ સમાન કવાયત હાથ ધરી હતી. પરંતુ પ્રક્રિયા આગળ ધપી શકી નહતી અને વર્તમાન કાયદાને ચાલુ રાખવામાં આવ્યા હતા.

હવે રાજ્ય સરકારે નવેસરથી પ્રક્રિયા હાથ ધરી છે. મહેસુલી કાયદાને સરળ અને સ્પષ્ટ બનાવવાની તૈયારી આરંભી છે. રાજ્ય સરકારની આ કમીટીમાં અધ્યક્ષ પદે નિવૃત્ત આઈએએસ અધિકારી સી.એલ. મીના છે કમીટીને તમામ મહેસુલી કાયદા, નિયમો, ઠરાવો તથા મેન્યુઅલ પ્રક્રિયાની વિસ્તૃત સમીક્ષા કરવાની જવાબદારી સોંપવામાં આવી છે.

ગુજરાત હાઈકોર્ટ તથા સર્વોચ્ચ અદાલતે અત્યાર સુધીના ચુકાદાઓમાં કાનૂની જોગવાઈઓનું કેવું અર્થઘટન કર્યું છે તે ચકાસવા પણ કહેવાયું છે. કાયદામાં સુધારા માટેની ભલામણો કરવા પણ કહેવાયું છે. આ ઉપરાંત વિવિધ સંસ્થા-સંગઠનોની રજુઆત-માંગણીઓ ચકાસણીને કાયદા-નિયમોમાં સુધારા સુચવવા પણ કહેવાયું છે. બિલ્ડરો, વકિલો સહિતના સંગઠનો વખતોવખત રજુઆતો કરતા હોય છે.

ક્યાં મહેસુલી કાયદા બદલાશે?

* ગુજરાત લેન્ડ રેવન્યૂ કોડ ૧૮૭૯
* ગુજરાત ટેનેન્સી એન્ડ એગ્રી લેન્ડ એક્ટ ૧૯૪૮
* સૌરાષ્ટ્ર ઘરખેડ, ટેનન્સી સેટલમેન્ટ એન્ડ કૃષિ જમીન વટહુકમ ૧૯૪૯
* ગુજરાત ટેનન્સી-કૃષિ જમીન (વિદર્ભ-કચ્છ) કાયદો ૧૯૫૮
* સૌરાષ્ટ્ર જમીન સુધારા કાયદો ૧૯૫૧
* સૌરાષ્ટ્ર એસ્ટેટ એબ્રોગેશન એક્ટ ૧૯૫૨
* મામલતદાર કોર્ટ એક્ટ ૧૯૦૬
* ગાડીયન-વોર્ડ એક્ટ ૧૮૯૦
* ગુજરાત કોર્ટ ઓફ વોર્ડ એક્ટ ૧૯૬૩
* ગુજરાત લેન્ડ ગ્રેબિંગ એક્ટ ૨૦૨૦
* ગુજરાત સ્ટેમ્પ એક્ટ-૧૯૫૮
* ઈન્ડિયન ટ્રેઝર ટ્રોવ એક્ટ ૧૮૭૮
* ડીસ્ટર્બડ એરિયા એક્ટ ૧૯૬૧ હેઠળ સ્થાપર મિલ્કતો ટ્રાન્સફરની જોગવાઈ.

Petrol & Diesel Rate

પેટ્રોલ	₹. ૯૪.૨૪/લીટર
ડીઝલ	₹. ૮૯.૯૪/લીટર
CNG	₹. ૭૭.૦૦/કિલો

Today Rate

	સોનુ	ચાંદી
(૧૦ ગ્રામ, ૨૪ કેરેટ)	₹૧,૩૮,૦૫૦	₹૨,૫૨,૦૦૦
	-૧૪૮૦	-૫૦૦૦
(૧ કિલો)		

ડોલર	પાઉન્ડ
₹૮૯.૮૪	₹૧૨૦.૯૩

વસ્તી ગણતરી અને ઇન્વેન્ટરીનું કામ એપ્રિલથી સપ્ટેમ્બર દરમ્યાન થશે

મુખ્ય સમાચાર, નવીદિલ્હી

કેન્દ્રીય ગૃહ મંત્રાલયે ૨૦૨૭ ની વસ્તી ગણતરીના પ્રથમ તબક્કા માટે નિયમો અને સમયરેખા જાહેર કરી છે. આ વર્ષે ૧ એપ્રિલથી ૩૦ સપ્ટેમ્બર દરમિયાન ઘરની ગણતરી અને ઇન્વેન્ટરીનું કામ શરૂ થશે. દરેક રાજ્ય અને કેન્દ્રશાસિત પ્રદેશને આ કાર્ય પૂર્ણ કરવા માટે ૩૦ દિવસનો સમય આપવામાં આવશે. આ વખતે, રહેવાસીઓ પાસે સ્વ-ગણતરીનો વિકલ્પ પણ હશે, એટલે કે, તેમની પોતાની માહિતી દાખલ કરવાનો. આ સુવિધા ડોર-ટુ-ડોર સર્વે શરૂ થાય તેના ૧૫ દિવસ પહેલા શરૂ કરવામાં આવશે. સરકારે ૨૦૨૦ ના જૂના આદેશને રદ કર્યો છે અને નવા નિયમો હેઠળ આ ઝુંબેશને મંજૂરી આપી છે.

કોરોનાવાયરસ રોગચાળાને કારણે વસ્તી ગણતરી અટકાવી દેવામાં આવી હતી. કોરોનાવાયરસ રોગચાળાને કારણે ૨૦૨૧ ની વસ્તી ગણતરી અટકાવી દેવામાં આવી હતી, પરંતુ હવે તે ફરી શરૂ કરવામાં આવી રહી છે. વસ્તી ગણતરી બે તબક્કામાં વહેંચવામાં આવશેઃ પ્રથમ તબક્કામાં ઘરોની યાદી બનાવવામાં આવશે, અને બીજો તબક્કો વસ્તી ગણતરી હશે. વસ્તી ગણતરી ૧ એપ્રિલ, ૨૦૨૬ થી શરૂ થશે અને ૨૮ ફેબ્રુઆરી, ૨૦૨૭ સુધી ચાલુ રહેશે.

સમગ્ર દેશ માટે, ૧ માર્ચ, ૨૦૨૭ ના રોજ મધ્યરાત્રિ ૧૨ વાગ્યાને વસ્તી ડેટા અંતિમ માનવામાં આવશે તે તારીખ માનવામાં આવશે. જોકે, લદ્દાખ, જમ્મુ અને કાશ્મીર, હિમાચલ પ્રદેશ અને ઉત્તરાખંડના બરફીલા અથવા દુર્ગમ વિસ્તારો માટે નિયમો અને સમય થોડો બદલાઈ શકે છે.

ગયા વર્ષે ડિસેમ્બરમાં, વડા પ્રધાન મોદીના નેતૃત્વ હેઠળની સરકારે આ કાર્ય માટે રૂ.૧૧,૭૧૮ કરોડથી વધુના બજેટને મંજૂરી આપી હતી. આ વસ્તી ગણતરીમાં એક મોટો ફેરફાર થશેઃ વસ્તી ગણતરી સાથે જાતિની માહિતી પણ રેકોર્ડ કરવામાં આવશે. આ વિશ્વનું સૌથી મોટું વહીવટી કાર્ય છે, અને તેને પૂર્ણ કરવા માટે લગભગ ૩૦ લાખ કર્મચારીઓને જમીન પર તૈનાત કરવામાં આવશે.

આ ભારતની પ્રથમ ડિજિટલ વસ્તી ગણતરી છે, અને પેન અને કાગળનો ઉપયોગ કરવાને બદલે ઘરે ઘરે જઈને માહિતી દાખલ કરવામાં આવશે. ડેટાનું નિરીક્ષણ કરવા માટે એક સમર્પિત પોર્ટલ બનાવવામાં આવ્યું છે, જે સચોટ માહિતી સુનિતિ કરે છે અને ભૂલની શક્યતા ઘટાડે છે. સરકારનું કહેવું છે કે ડેટા એકલી સરળ રીતે સંગ્રહિત કરવામાં આવશે કે કોઈપણ આયોજન માટે જરૂરી ડેટા એક બટનના ક્લિક પર ઉપલબ્ધ થશે. 'હર્ષી' નામની એક નવી સેવા તમામ સરકારી મંત્રાલયોને સ્વચ્છ ડેટા પ્રદાન કરશે.

બાંગ્લાદેશમાં ચૂંટણી પહેલા હિંસા યથાવતઃ બીએનપી નેતાની ગોળી મારી હત્યા

મુખ્ય સમાચાર, ઢાકા

બાંગ્લાદેશમાં યુવા નેતા ઉસ્માન હાદીની હત્યા બાદથી જ ચૂંટણી પહેલા રાજનીતિક હિંસા ચાલુ છે. બાંગ્લાદેશ રાષ્ટ્રવાદી (બીએનપી)ની સ્વયંસેવી શાખા સ્વેચ્છ સેવક દળના નેતા અજીજુર રહેમાન મુસબ્બીરની મંગળવારે રાત્રે અજાણ્યા હુમલાખોરોએ હત્યા કરી પલાયન થઈ ગયા હતા. બાંગ્લાદેશમાં આગામી ૧૨ ફેબ્રુઆરીએ યોજાનારી રાષ્ટ્રીય ચૂંટણી પહેલા હિંસા વધવાથી મોહમ્મદ યુનુસના નેતૃત્વવાળી વચગાળાની સરકાર પર સવાલો ઉઠવા લાગ્યા છે. ઉલ્લેખનીય છે કે ઉસ્માન હાદીના પરિવારજનોએ પણ યુનુસ પર ચૂંટણીઓ ટાળવા માટે હત્યાનો આરોપ લગાવાયો હતો. અહેવાલો મુસબ્બીર પર ઢાકાની કારવાન બજારમાં આવેલ સુપર સ્ટાર હોટેલ પાસે રાત્રે લગભગ ૧-૩૦ વાગ્યે અજાણ્યા હુમલાખોરો ગોળી ચલાવી પલાયન થઈ ગયા હતા. તેમને હોસ્પિટલમાં લઇ જવાયા હતા. જ્યાં તેમને મૃત જાહેર કરવામાં આવ્યા હતા. પાર્ટીના સભ્યોએ જણાવ્યું હતું કે, મુસબ્બીરે સાંજે સુપર સ્ટાર હોટેલમાં શરીયતપુરના નિવાસીઓના એક સમૂહ સાથે એક કાર્યક્રમમાં ભાગ લીધો હતો. બાદમાં મુસબ્બીર અને વન શ્રમિક સંઘનો મહાસચિવ સુકિયાન મસૂદ નજીકની એક ગલીમાં ચાલી રહ્યા હતા. ત્યારે બે અજ્ઞાત શખ્સોએ તેના પર ગોળી ચલાવી હતી. જેમાં મસૂદ ઘાયલ થયો હતો. મુસબ્બીરની હત્યા બાદ પાર્ટીના કાર્યકર્તાઓએ દેખાવો કર્યા હતા.

ચાંદીમાં સતત બીજા દિવસે મોટો કડાકોઃ ૭૮૦૦થી વધુ તૂટી

સોનું પણ ગગડ્યું

મુખ્ય સમાચાર, નવીદિલ્હી

મલ્ટી કોમોડિટી એક્સચેન્જ પર આજે સોના-ચાંદીના બજારમાં રોકાણકારોને મોટો ઝટકો લાગ્યો છે. અગાઉની તેજી બાદ બજારમાં ભારે વેચવાલીનું દબાણ આવતા સોના અને ચાંદી બંનેના ભાવમાં મોટો કડાકો બોલી ગયો છે. ચાંદીમાં ૭,૮૦૦થી વધુનો ઘટાડો નોંધાયો છે, જ્યારે સોનું પણ ૧,૧૦૦થી વધુ તૂટ્યું છે.

MCX પર ચાંદીના વાયદાના ભાવમાં આજે ભારે ઘટાડો નોંધાયો છે, જેણે રોકાણકારોને ચોંકાવી દીધા છે.

જૂનો બંધ ભાવઃ અગાઉના ટ્રેડિંગ સત્રમાં ૦૫ માર્ચ ૨૦૨૬ વાયદાની ચાંદીનો ભાવ ૨,૫૦,૬૦૫ પ્રતિ કિલોગ્રામ પર બંધ થયો હતો.

નવો ખુલતો ભાવઃ આજે બજાર ખુલતાની સાથે જ ચાંદી તેજી સાથે ૨,૫૧,૦૪૧ પર ખુલી હતી, પરંતુ આ તેજી ટકી શકી ન હતી.

વર્તમાન સ્થિતિ અને ઘટાડો દિવસ દરમિયાન ભારે વેચવાલીને કારણે ચાંદીનો ભાવ ગગડ્યો હતો. આ રિપોર્ટ લખાઈ રહ્યો છે ત્યાં સુધી ચાંદીનો ભાવ ૭,૮૩૬ (-૩.૧૩%) ના તોતિંગ કડાકા સાથે ૨,૪૨,૭૬૯ પર ટ્રેડ કરી રહ્યો હતો. દિવસ દરમિયાન ચાંદીએ ૨,૪૦,૬૦૫ની નીચલી સપાટી પણ બનાવી હતી.

ચાંદીની જેમ સોનાના ભાવમાં પણ આજે મોટો ઘટાડો જોવા મળ્યો છે

ફૂતરાઓ માનવ ડરને ઓળખે છેઃ સુપ્રીમ કોર્ટ

મુખ્ય સમાચાર, નવીદિલ્હી

સુપ્રીમ કોર્ટ રખડતા કૂતરાઓ સંબંધિત કેસોની સુનાવણી કરી રહી છે. કોર્ટે કૂતરાઓના વર્તનની ચર્ચા કરી. જસ્ટિસ નાથે કહ્યું કે કૂતરાઓ માનવ ડર અનુભવે છે અને તેથી કરે છે. એક વકીલે (કૂતરાઓની તરફેણમાં) આ વાતનો ઇનકાર કર્યો. પછી જસ્ટિસે જવાબ આપ્યો, "માથું હલાવો નહીં, હું મારા પર્સનલ અનુભવથી બોલી રહ્યો છું."

અરજદારના વકીલે કહ્યું- રાજ્યોએ ડેટા આપ્યો છે. તેમાંથી કોઈએ એવું દર્શાવ્યું નથી કે નગરપાલિકાઓ અથવા સરકારો દ્વારા ડેટલા શેલ્ટર ચલાવવામાં આવે છે. દેશમાં ફક્ત પાંચ સરકારી શેલ્ટર છે. આમાં દરેકમાં ૧૦૦ કૂતરાઓ રાખી શકાય છે. દેશમાં ઈન્ફ્રાસ્ટ્રક્ચરની જરૂર છે.

એનિમલ વેલફેર વતી દલીલ કરી રહેલા એડવોકેટ સીધુ સિંહે કહ્યું કે કૂતરાઓને હટાવવાથી ઉંદરોની વસ્તી વધશે. આના પર કોર્ટે મજાકમાં કહ્યું - તો શું આપણે બિલાડીઓ લઈ આવીએ?

છેલ્લા સાત મહિનામાં આ કેસની પાંચ વખત સુનાવણી થઈ છે. ગયા વર્ષે નવેમ્બરમાં, સુપ્રીમ કોર્ટે સ્કૂલો, હોસ્પિટલો, બસ સ્ટેન્ડ, સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ અને રેલવે સ્ટેશનો પરથી રખડતા કૂતરાઓને હટાવવાનો આદેશ આપ્યો હતો. આ સાથે, કોર્ટે કહ્યું હતું કે આ પ્રાણીઓને નિયુક્ત શેલ્ટરમાં ટ્રાન્સફર કરવા જોઈએ.

વકીલ રાજ્યોએ ડેટા આપ્યો છે. તેમાંથી કોઈએ એવું દર્શાવ્યું નથી કે નગરપાલિકાઓ અથવા સરકારો દ્વારા કેટલા શેલ્ટર ચલાવવામાં આવે છે. દેશમાં ફક્ત પાંચ સરકારી શેલ્ટર છે. અને આ ફક્ત બીમાર અને ઘાયલ કૂતરાઓ માટે છે.

જસ્ટિસ નાથ કૂતરો હંમેશા કૂતરાથી ડરતી વ્યક્તિને ઓળખી શકે છે. જ્યારે તેને આની અહેસાસ થાય છે, ત્યારે તે હંમેશા હુમલો કરે છે. અમે વ્યક્તિગત અનુભવથી વાત કરી રહ્યા છીએ.

જસ્ટિસ નાથ માથું હલાવો નહીં. જો તેમને લાગે કે તમે ડરી ગયા છો, તો તેઓ તમારા પર હુમલો કરે તેવી શક્યતા વધુ છે. તમારો પાલતુ કૂતરો પણ એવું જ કરશે.

ભારત-ચીન-બ્રાઝીલ ઉપર ૫૦૦% ટેરિફ ઝીંકશે ટ્રમ્પ

અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે ઘણા દેશો સામે આક્રમક વલણ અપનાવ્યું છે. વેનેઝુએલા સામે લશ્કરી કાર્યવાહી કર્યા પછી, ટ્રમ્પ હવે ભારત, બ્રાઝિલ અને ચીન પર ફરીથી ટેરિફ લાદવાની તૈયારી કરી રહ્યા છે. ટ્રમ્પ વહીવટીતંત્ર બંને દેશો પર ૫૦૦ ટકા ટેરિફ લાદવાની યોજના ધરાવે છે.ટ્રમ્પ વહીવટીતંત્ર એક બિલને મંજૂરી આપી છે જેના હેઠળ ભારત, બ્રાઝિલ અને ચીન પર ૫૦૦ ટકા ટેરિફ લાદવામાં આવશે. પરિણામે, ત્રણેય દેશોએ અમેરિકન નિકાસ પર વધારાનો ૫૦૦ ટકા ટેક્સ ચૂકવવો પડશે. હાલમાં, અમેરિકાએ ભારત પર ૫૦ ટકા ટેરિફ લાદ્યો છે. રશિયા પાસેથી તેલની ખરીદીને લઈને ભારત અને ચીન પર અમેરિકા પોતાની પકડ વધુ આક્રમક કરી શકે છે. રિપબ્લિકન સેનેટર લિન્ડસે ગ્રેહામે દાવો કર્યો છે કે રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે એક દ્વિપક્ષીય બિલને મંજૂરી આપી છે જે રશિયા પાસેથી તેલ અને યુરેનિયમ ખરીદનારા દેશોને ઠંડા કરશે. આગામી દિવસોમાં ભારત અને અમેરિકા વચ્ચેના સંબંધો વધુ તણાવપૂર્ણ બની શકે છે. અમેરિકા સંસદમાં એક બિલ રજૂ કરવાની તૈયારીમાં છે જે રશિયા પાસેથી તેલ ખરીદવાને ભારત માટે મોંઘુ બનાવશે.

રાજ્ય સરકાર હસ્તકના માર્ગોના વિવિધ કામો માટે ૧૦૭૮ કરોડ મંજૂર કરતું કેન્દ્ર

મુખ્ય સમાચાર, ગાંધીનગર

ભારત સરકારના સેન્ટ્રલ રોડ ઈન્ફ્રાસ્ટ્રક્ચર ફંડ માંથી ગુજરાતને રાજ્ય સરકાર હસ્તકના માર્ગોના વિવિધ કામો માટે ૧૦૭૮.૧૩ કરોડ રૂપિયા મંજૂર કરવામાં આવ્યા છે. વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં દેશમાં રોડ ઈન્ફ્રાસ્ટ્રક્ચર નેટવર્કને સંગીન બનાવીને કનેક્ટિવિટી તથા ઈઝ ઓફ ટ્રાન્સપોર્ટેશનને વેગ આપવાનો અભિગમ ગુજરાતમાં રાજ્ય હસ્તકના માર્ગોના કામો માટે ફાળવ-ાયેલી આ માતબર રકમથી આવનારા દિવસોમાં સાકાર કરી શકાશે. એટલું જ નહીં, પી.એમ. ગતિશક્તિ અન્વયે લોજિસ્ટિક્સ પરિવહનમાં સરળતા થશે અને ઝડપી બનશે.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ અને કેન્દ્રીય માર્ગ પરિવહન-હાઈવે મંત્રી નીતિન ગડકરીએ રાજ્યના માર્ગો અને નેશનલ હાઇવે અંતર્ગતના પ્રોજેક્ટ્સની સમીક્ષા માટે ગત નવેમ્બર-૨૦૨૫માં ગાંધીનગરમાં યોજેલી ઉચ્ચસ્તરીય બેઠકની ફળશ્રુતિ રૂપે ગુજરાતને આ ૧૦૭૮.૧૩ કરોડ રૂપિયાની રકમ રાજ્ય હસ્તકના માર્ગોના કામો હાથ ધરવા ફાળવવામાં આવી છે.

સી.આઈ.આર.એફની આ જે રકમ રાજ્ય હસ્તકના માર્ગોના કામો માટે મંજૂર કરવામાં આવી છે તેમાંથી કુલ ૫૬૪.૫૭ કિલોમીટર લંબાઈમાં વિવિધ ૪૧ કામો હાથ ધરાવાના છે.

તદ્નુસાર, પાટણ, કચ્છ, બનાસકાંઠા, ખેડા, મહીસાગર, છોટાઉદેપુર, વલસાડ, અમરેલી, જામનગર અને વડોદરા જિલ્લાઓમાં સ્ટેટ હાઈવેના વાઈડનીંગના ૧૧ કામોમાં કુલ ૨૨૬.૨૦ કિલોમિટરમાં હાથ ધરવા રૂ.૬૩૬ કરોડ મંજૂર થયા છે.

રસ્તાઓના મજબૂતીકરણ અને રીસર્ફેસિંગના જે ૨૩ કામો ૩૩૫.૩૭ કિલોમીટર લંબાઈમાં રૂા.૪૦૮.૩૩ કરોડના ખર્ચે હાથ ધરાવાના છે તેમાં અમદાવાદ, ખેડા, આણંદ, અરવલ્લી, મહીસાગર, તાપી, નવસારી, દેવભૂમિ દ્વારકા, સુરેન્દ્રનગર, અમરેલી, સુરત અને જામનગર જિલ્લાઓના કામોનો સમાવેશ થશે.

આ કામો ઉપરાંત સેન્ટ્રલ રોડ ઈન્ફ્રાસ્ટ્રક્ચર ફંડ માંથી સ્ટ્રક્ચરના જે ૭ કામો માટે ૩૩.૮૦ કરોડ રૂપિયા મંજૂર થયા છે તેમાં તાપી, સુરત અને ડાંગ જિલ્લાઓના કામો આવરી લેવાશે.

કોંગ્રેસ અને નેતાઓએ ક્યારેય મહાસત્તાઓ સમક્ષ શરણાગતિ સ્વીકારી નથીઃ રાહુલ ગાંધી

ટ્રમ્પ ટેરિફ મુદ્દે રાહુલના પીએમ મોદી પર પ્રહાર

મુખ્ય સમાચાર, નવીદિલ્હી

લોકસભામાં વિપક્ષના નેતા રાહુલ ગાંધીએ ટ્રમ્પ ટેરિફ મુદ્દે પીએમ મોદી પર પ્રહાર કર્યો છે. તેમણે ઈન્સ્ટાગ્રામ પર અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ દ્વારા હાલમાં કરવામાં આવેલી ટિપ્પણીઓનો ઉલ્લેખ કર્યો છે. તેમજ કહ્યું છે ફરક સમજો સર જી

આ અંગે રાહુલ ગાંધીએ ગયા વર્ષે જૂનમાં કોંગ્રેસના 'સંગઠન નિર્માણ અભિયાન' કાર્યક્રમમાં આપેલા વક્તવ્યનો એક વિડીયો શેર કર્યો હતો. જેમાં તેમણે દાવો કર્યો હતો કે વડાપ્રધાન મોદીએ એક જ ફોન કોલથી ટ્રમ્પ સમક્ષ શરણાગતિ સ્વીકારી હતી અને કહ્યું કે નરેન્દ્ર

સરેન્ડર કોંગ્રેસ નેતાઓએ મહાસત્તાઓ સમક્ષ શરણાગતિ સ્વીકારી નથી

જેમાં રાહુલ ગાંધીએ એમ પણ કહ્યું હતું કે, કોંગ્રેસ અને તેના નેતાઓએ ક્યારેય મહાસત્તાઓ સમક્ષ શરણાગતિ સ્વીકારી નથી. પરંતુ ભાજપ અને આરએસએસનો મૂળ સ્વભાવ છે કે તેઓ થોડા દબાણને વશ થઈ જાય છે.

રાહુલ ગાંધીએ પૂર્વ વડાપ્રધાન ઇન્દિરા ગાંધીનો ઉલ્લેખ પણ કર્યો હતો. તેમણે વર્ષ ૧૯૭૧ના યુદ્ધનો ઉલ્લેખ કરતા કહ્યું કે ભારત પર એક સમયે અમેરિકાનું દબાણ છતાં પોતાના વલણ પર અડગ રહ્યું હતું.

તેમણે કહ્યું, તમને તે સમય યાદ હશે જ્યારે તે ફક્ત એક ફોન કોલ નહોતો આવ્યો પરંતુ સેનાની સાતમી ફ્લીટ આવી હતી. તેમજ શસ્ત્રો આવ્યા અને એક વિમાનવાહક જહાજ આવ્યું હતું. પરંતુ ત્યારે ઇન્દિરા ગાંધીએ કહ્યું, 'મારે જે કરવાનું છે તે હું કરીશ. બસ આ જ ફરક છે.

ઉલ્લેખનીય છે કે, અમેરિકા રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ દ્વારા હાલમાં ભારત પર લાદવામાં આવેલા ૫૦ ટકા ટેરિફ અંગે ઘણી ટિપ્પણીઓ કરી છે. જેના કારણે સરકારની ચિંતા વધી છે. જોકે, સરકારે હજુ સુધી આ ટિપ્પણીઓનો જવાબ આપ્યો નથી.

મોરબીમાં સરદાર કથામાં માનવ મહેરામણ ઉમટયો

''સરદાર કથા''ની શૈલેષ સગપરિયા દ્વારા ભાવવાહી રજુઆત

મુખ્ય સમાચાર, મોરબી

મોરબી અત્રેના સરદાર પટેલ કન્યા છાત્રાલય ખાતે નિર્શીવ ફાઉન્ડેશન, કડવા પાટીદાર કન્યા કેળવણી મંડળ તેમજ ગોપાલભાઈ ચમારડી દ્વારા ભારતની એકતા અને અખંડીતતાના મસીહા, લોહ પુરુષ, ભારતના પ્રથમ નાયબ વડા પ્રધાન જેમને સ્વતંત્રતાની લડતમાં ગાંધીજી સાથે ખભેખભો મિલાવી, ખેડા સત્યાગ્રહ, બારડોલી સત્યાગ્રહમાં સફળ નેતૃત્વ કરી રાષ્ટ્રીય ફલક પર પોતાની હિંમતથી, નીડરતાથી અદમ્ય સાહસના દર્શન કરાવી ભારતને સ્વતંત્ર કરવામાં સિંહફાળો આપનાર સરદાર વલ્લભભાઈ પટેલના જીવનની જાણી અજાણી અનેક વાતો આજના લોકો, આજના યુવાનો જાણી શકે એવા શુભ હેતુથી રોહનભાઈ રાંકજા, આરતીબેન રોહનભાઈ રાંકજાના સંનિષ્ઠ પ્રયાસોથી ''સરદારકથા''નું ભવ્ય અને દિવ્ય કથા ચાલી રહી છે.

જેમાં જાણીતા વક્તા શૈલેષભાઈ સગપરિયા પોતાની આગવી અનોખી શૈલીમાં સરદાર સાહેબના બાળપણથી માંડી અભ્યાસકાળ, વિદેશગમન સફળ વકીલ સરદાર, આઝાદીની લડતમાં સરદાર સાહેબનું યોગદાન, સરદાર સાહેબનો કુટુંબ પ્રેમ, મિત્રપ્રેમ વગેરેનું જ્ઞાન બહોળી સંખ્યામાં ઉપસ્થિત શ્રોતાઓને પીરસી રહ્યા છે, ઠંડીના માહોલમાં પણ રાત્રે ૧૨ વાગ્યા સુધી વિશાળ જનમેદની કથાનો લાભ લઈ રહ્યા છે. શ્રોતાઓને ઠંડીમાં પણ ગરમીનો અહેસાસ થાય એ માટે સીરામીક એસોસિએશન તરફથી ગેસ સગડીની વ્યવસ્થા કરી આપવામાં આવેલ છે.

આ સરદાર કથામાં ડો.જયંતિભાઈ ભાડેશીયા આરએસએસ, બ્રિજેશ મેરજા પૂર્વ મંત્રી, ધારાસભ્ય દુર્લભજીભાઈ દેથરીયા, સીરામીક એસોસિએશન પ્રમુખ મનોજભાઈ એરવાડિયા, હરેશભાઇ બોપલીયા, સંદીપભાઈ કુંડારીયા, નિલેશભાઈ જેતપરિયા, કે.જી.કુંડારીયા વગેરે ઉપસ્થિત રહ્યા હતા, આ કથાને સફળ બનાવવા રોહનભાઈ રાંકજા, આરતીબેન રાંકજા તેમજ ગોપાલભાઈ ચમારડી એ.કે.પટેલ ચેરમેન, ત્રમ્બકભાઈ ફેફર ઉપ પ્રમુખ, બેચરભાઈ હોથી પ્રમુખ કડવા પાટીદાર કન્યા કેળવણી મંડળ મોરબી વગેરે ખુબજ જહેમત ઉઠાવી રહ્યા છે.

મોરબીના રેઈન બસેરામાં બેઘર લોકો માટે નાસ્તો, બે ટાઈમ ભોજન સહિત તમામ સુવિધાઓ ઉપલબ્ધ

મુખ્ય સમાચાર, મોરબી

મોરબી મહાનગરપાલિકા દ્વારા સંચાલિત મહારાણીશ્રી નંદકુંવરબા આશ્રયગૃહ (રેઈન બસેરા) ખાતે બેઘર વ્યક્તિઓ માટે મફત રહેવા, ગરમ નાસ્તો, બપોર અને રાત્રિનું ભોજન, આરોગ્યસેવા તથા બાળકોના શિક્ષણ જેવી સુવિધાઓ ઉપલબ્ધ છે. મનપાની કલ્યાણકારી સેવાઓ અંગે કોલેજના વિદ્યાર્થીઓને અવગત કરવા આશ્રયગૃહની મુલાકાત યોજાઈ હતી.

મોરબી મહાનગરપાલિકાના કમિશનર સ્વપ્નિલ ખરેના માર્ગદર્શન હેઠળ તથા નાયબ કમિશનર કુલદીપસિંહ વાળા અને અર્બન કોમ્યુનિટી ડેવલોપમેન્ટ શાખાની દેખરેખ હેઠળ કોલેજના વિદ્યાર્થીઓએ મોરબી મહાનગરપાલિકાના મહારાણીશ્રી નંદકુંવરબા આશ્રયગૃહ (રેઈન બસેરા)ની મુલાકાત લીધી હતી. મોરબી મહાનગરપાલિકા દ્વારા નિર્મિત અને શ્રી સિદ્ધી ખાદીગ્રામ ઉદ્યોગ કેળવણી સંસ્થા દ્વારા સંચાલિત આ રાત્રિ આશ્રયસ્થાન બેઘર વ્યક્તિઓને મફત રહેવાની વ્યવસ્થા અને સંભાળ પૂરી પાડે છે.

આ મુલાકાતનો મુખ્ય ઉદ્દેશ વિદ્યાર્થીઓને મનપા દ્વારા ઘરવિહોણા વ્યક્તિઓ માટે આપવામાં આવતી કલ્યાણકારી સેવાઓથી પરિચિત કરવાનો તથા સમાજના વંચિત વર્ગ પ્રત્યે સામાજિક સહયોગની ભાવના વિકસાવવાનો હતો. મુલાકાત દરમિયાન વિદ્યાર્થીઓએ આશ્રયગૃહમાં રહેવાસીઓ માટે ઉપલબ્ધ વિવિધ સુવિધાઓનું અવલોકન કર્યું હતું. આશ્રયગૃહમાં સવારે ગરમ નાસ્તો તેમજ બપોરે અને રાત્રે સાત્વિક ભોજનની વ્યવસ્થા કરવામાં આવે છે. સમયાંતરે મેડિકલ હેલ્થકેર કેમ્પ યોજી આરોગ્ય તપાસ અને સારવાર આપવામાં આવે છે. ઘરવિહોણા લોકોના બાળકોને પૂર્વ પ્રાથમિક શિક્ષણ મળી રહે તે માટે બાળવાટિકા પણ કાર્યરત છે. ઉપરાંત અઠવાડિયામાં ત્રણ વખત નાઈટ ડ્રાઈવ કરીને બેઘર લોકોને આશ્રયગૃહ સુધી પહોંચાડવામાં આવે છે અને વર્ષ દરમિયાન આવતા તમામ તહેવારોની ઉજવણી પણ અહીં કરવામાં આવે છે.

મોરબી ફાયર એન્ડ ઇમરજન્સી સર્વિસ હંગામી રીતે કેસરબાગ એલ.ઈ. કોલેજ રોડ પર શિફ્ટ

નવા ફાયર સ્ટેશનના બાંધકામને કારણે સ્થળાંતર

મુખ્ય સમાચાર, મોરબી

મોરબી મહાનગરપાલિકા હસ્તકની ફાયર એન્ડ ઇમરજન્સી સર્વિસ સુધારા શેરી, સરદાર રોડ ખાતે નવા ફાયર સ્ટેશનના બાંધકામને કારણે હંગામી ધોરણે કેસરબાગ એલ.ઈ. કોલેજ રોડ ખાતે ખસેડવામાં આવી છે. આ દરમિયાન ફાયર ટ્રેનિંગ, ફાયર સેફ્ટી ચેકિંગ, NOC કાર્યવાહી સહિતની તમામ સેવાઓ ત્યાંથી આપવામાં આવી રહી છે, જેમાં આગ નિવારણ અને જનજાગૃતિ પર વિશેષ ભાર મૂકવામાં આવ્યો છે.

મોરબી મહાનગરપાલિકા દ્વારા સંચાલિત ફાયર એન્ડ ઇમરજન્સી સર્વિસ અગાઉ સુધારા શેરી, સરદાર રોડ ખાતે કાર્યરત હતી. હાલ ત્યાં નવા ફાયર સ્ટેશન બિલ્ડિંગનું બાંધકામ શરૂ કરાયેલ હોવાથી ફાયર વિભાગને હંગામી ધોરણે કેસરબાગ એલ.ઈ. કોલેજ રોડ ખાતે સ્થળાંતર કરવામાં આવ્યો છે. આથી મોરબી ફાયર એન્ડ ઇમરજન્સી સર્વિસને લગતી તમામ સુવિધા અને સંપર્ક માટે નાગરિકોને કેસરબાગ એલ.ઈ. કોલેજ રોડ પર સંપર્ક કરવાનો રહેશે.

મોરબી મહાનગરપાલિકાની અગ્નિશમન શાખા દ્વારા તા. ૩૦/૧૨/૨૦૨૫ થી ૦૫/૦૧/૨૦૨૬ દરમ્યાન ૦૫ ઇન્ડસ્ટ્રીઝમાં કુલ ૧૫૪ કર્મચારીઓને ફાયર પ્રિવેન્શન અંગે તાલીમ આપવામાં આવી હતી. આ સાથે સમાજવાડી, કોમ્પ્લેક્ષ તથા ઇન્ડસ્ટ્રીઝ જેવી બિલ્ડીંગોમાં ફાયર સેફ્ટી સર્ટિફિકેટનું ચેકિંગ હાથ ધરવામાં આવ્યું હતું. ફાયર NOC ન ધરાવતા બિલ્ડીંગોને નોટીસ આપવામાં આવી અને આગ નિવારણ સંબંધિત સૂચનો તથા જરૂરી માર્ગદર્શિકા પણ આપવામાં આવી હતી. અગાઉ અપાયેલી નોટીસના પગલે ૧૫૮ કોમ્પ્લેક્ષ અને ૩૪ સમાજવાડીમાં ફાયર સેફ્ટી સિસ્ટમ લગાવવામાં આવી છે તથા કેટલીક જગ્યાએ કામગીરી હજુ ચાલુ છે. આ સમયગાળામાં ફાયર સેફ્ટી અપ્રુવલ માટેની કુલ ૦૪ અરજીઓ મળેલ, જેને આર.એફ.ઓ. કચેરીમાં ફોરવર્ડ કરવામાં આવી છે. ફાયર ટ્રેનિંગ અને ફાયર પ્રિવેન્શનનો મુખ્ય ઉદ્દેશ મોરબીના નાગરિકોને ફાયર સેફ્ટી અંગે માહિતગાર કરવો, ફાયર સાધનોનો યોગ્ય ઉપયોગ શીખવવો તથા કોઈ પણ ઇમરજન્સી સમયે તાત્કાલિક અગ્નિશમન શાખાનો સંપર્ક કરી નાની-મોટી દુર્ઘટના કે મોટી આપદા ટાળી જાન-માલનું રક્ષણ કરવાનું છે.

આ દરમિયાન મોરબીમાં ૦૧ રેસ્ક્યુ કોલ તથા ૦૫ જગ્યાએ આગ લાગવાના બનાવ બન્યા હતા, જેમાં ફાયરના જવાનો દ્વારા ફુલ PPE આધુનિક સાધનો હેલ્મેટ, ગમબૂટ, વન લેયર શૂટ અને હેન્ડ ગ્લોઝ પહેરી અસરકારક ફાયર ફાઈટીંગ કરવામાં આવ્યું હતું. આવી કોઈ પણ દુર્ઘટના સમયે મોરબી ફાયર એન્ડ ઇમરજન્સી સર્વિસના ફોન નંબર (૦૨૮૨૨) ૨૩૦૦૫૦ તેમજ ઇમરજન્સી નંબરો ૧૦૧ અને ૧૧૨ પર સંપર્ક કરવા અપીલ કરવામાં આવી છે.

મોરબીમાં પ્રધાનમંત્રી આવાસ યોજના અંતર્ગત BLC કેમ્પનું આયોજન

મુખ્ય સમાચાર, મોરબી

મોરબી મહાનગરપાલિકા દ્વારા PMAY (U) ૨.૦ અંતર્ગત BLC (બેનીફિશિયરી લેડ કન્સ્ટ્રકશન) ઘટક માટે ત્રણ દિવસીય કેમ્પ મેળાનું આયોજન કરાયું છે. રૂ. ૩ લાખથી ઓછી આવક ધરાવતા લાભાર્થીઓ નવા આવાસ બાંધકામ માટે ડિમાન્ડ સર્વેમાં નોંધણી કરાવી શકશે અને રૂ. ૪ લાખ સુધીની સહાય મેળવવા પાત્ર બનશે.

મોરબી મહાનગરપાલિકા દ્વારા પ્રધાનમંત્રી આવાસ યોજના (શહેરી) ૨.૦ અંતર્ગત BLC (બેનીફિશિયરી લેડ કન્સ્ટ્રકશન) ઘટકના કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. આ કેમ્પમાં રૂ. ૩ લાખથી ઓછી વાર્ષિક આવક ધરાવતા લાભાર્થીઓ ખુલ્લા પ્લોટ પર અથવા કાચું, અર્ધકાચું કે જર્જરિત મકાન તોડી સરકારના નિયમો અને માર્ગદર્શિકા મુજબ નવા આવાસના બાંધકામ માટે ડિમાન્ડ સર્વેમાં નોંધણી કરાવી શકશે. આ યોજનાના ઘટક અંતર્ગત એક નવા આવાસના બાંધકામ દીઠ કેન્દ્ર સરકાર તથા રાજ્ય સરકાર દ્વારા કુલ રૂ.૪,૦૦,૦૦૦/-ની સહાય ચાર હપ્તામાં મળવાપાત્ર રહેશે.

મોરબી મહાનગરપાલિકા દ્વારા લાયકાત ધરાવતા તમામ લાભાર્થીઓને આ કેમ્પ મેળાનો લાભ લેવા અનુરોધ કરવામાં આવ્યો છે. PMAY (U) ૨.૦ અંતર્ગત BLC કેમ્પ (મેળા) મોરબી મહાનગરપાલિકા ક્લસ્ટર-૫ની કચેરી

જૂનું સો-ઓરડી બાલ મંદિર, મોરબીમાં તા. ૦૮/૦૧/૨૦૨૬, ગુરુવારે તેમજ મોરબી મહાનગરપાલિકા ક્લસ્ટર-૬ની કચેરી દરબારગઢ વોટર પમ્પીંગ સ્ટેશન ઓફિસ મોરબી ખાતે તા.૦૯/૦૧/૨૦૨૬ શુક્રવારે આ ઉપરાંત મોરબી મહાનગરપાલિકા ક્લસ્ટર-૭ની કચેરી

જૂનું વિશ્વકર્મા બાલમંદિર વાંકાનેર દરવાજા મોરબીમાં તા. ૧૦/૦૧/૨૦૨૬ શનિવારે યોજાશે, ત્રણેય કેમ્પમાં સમય સવારે ૧૦૩૦ થી સાંજે ૦૫૦૦ સુધી સેવા આપવામાં આવશે, આ સાથે મોરબી મહાનગરપાલિકા દ્વારા પાત્ર નાગરિકોને આ કેમ્પોમાં હાજરી આપી પ્રધાનમંત્રી આવાસ યોજના (શહેરી) ૨.૦નો લાભ લેવા અપીલ કરવામાં આવી છે.

જામનગરના ખોડીયાર કોલોની વિસ્તારમાં વિજ થાંભલામાં શોર્ટ સર્કિટ થવાના કારણે આગ લાગતાં દોડધામ

મુખ્ય સમાચાર, જામનગર

જામનગરમાં ખોડીયાર કોલોની વિસ્તારમાં જાહેર માર્ગ પર આવેલા વીજ થાંભલામાં એકાએક શોર્ટ સર્કિટ થવાના કારણે આગ લાગી હતી, અને આગના કારણે તણખા જર્યો હતા, કેબલ વગેરે સળગવાના કારણે ભડકો થતાં સમગ્ર વિસ્તારમાં ભારે અફડાતફડીનો માહોલ સર્જાયો હતો.જોકે વિજ તંત્રએ તુરત જ ઉપરોક્ત વિસ્તારનો વીજ પુરવઠો બંધ કરી દીધો હતો. કેબલ વગેરે સળગ્યા હોવાથી આ બનાવને લઈને ફાયરબ્રિગેડને જાણ કરાતાં ફાયર શાખાની ટુકડી તાબડતોબ ઘટના સ્થળે દોડી ગઈ હતી, અને ખાસ પ્રકારના પાવડરની મદદથી ફાયરિંગ કરીને આગને કાબુમાં લીધી હતી. આ વેળાએ લોકોના ટોળા એકત્ર થયેલા જોવા મળ્યા હતા.ત્યારબાદ વિજ તંત્રએ થોડો સમયમાં જ વિજ લાઇન રીપેરીંગની કામગીરી પૂર્ણ કરી લેતાં મોડી રાત્રિના સમયે ઉપરોક્ત વિસ્તારનો વિજ પુરવઠો રાબેતા મુજબ બન્યો હતો.

જાબુડા પાટીયા નજીકથી વિદેશી દારૂનો મોટો જથ્થો ઝડપાયો

બે દરોડામાં કુલ રૂા. ૧૬.૦૩ લાખનો મુદામાલ કબ્જે

મુખ્ય સમાચાર, જામનગર

જામનગર જિલ્લાના જાંબુડા ગામના પાટીયા નજીક એલસીબી પોલીસે બાતમીના આધારે વોચ ગોઠવી હતી, અને પોલીસને જોઈને નાશી જનાર કાર ચાલકનો પીછો કરી એક શખ્સને ઈંગ્લીશ દારૂની ૪૦૨ નંગ બોટલ સાથે ઝડપી લઈ કિમંત રૂ. ૧૧.૨૭ લાખના મુદામાલ સાથે ઝડપી લઈ એક શખ્સને ફરાર જાહેર કરી શોધખોળ હાથ ધરી હતી. જયારે ઠેબા ચોકડી નજીકથી એલસીબીની ટીમે.બાતમીના આધારે એક શખ્સને ઈંગ્લીશ દારૂની ૨૪૬ નંગ બોટલ સાથે ઝડપી લઈ રૂ. ૪.૭૫ લાખનો મુદામાલ કેબેજ કરી બે શખ્સને ફરાર જાહેર કરી શોધખોળ હાથ ધરી હતી.મળતી વિગત મુજબ જામનગર જિલ્લાના જાંબુડા પાટીયા નજીક ધ્રોલ તરફથી ઈંગ્લીશ દારૂનો જથ્થો લઈને એક કાર પસાર થવાની બાતમી એલસીબીના દિલીપભાઈ તલાવડીયા, હિતેન્દ્રસિંહ જાડેજા અને કાસમભાઈ બ્લોચને મળતા

એલસીબીની ટીમ દ્વારા પીઆઈ વી.એમ. લગારીયાના માર્ગદર્શન હેઠળ પીએસઆઈ પી.એન. મોરી અને સી.એમ. કાંટેલીયાની સૂચનાથી વોચ ગોઠવવામાં આવી હતી, ત્યારે જાંબુડા ગામના પાટીયા થી અલીયાબાડા થઈ મિયાત્રા ગામ તરફ નાશી જતા કાર ચાલકનો પીછો કરી એલસીબીની ટીમે કિશન ઉર્ફે ડેન્કર નાથાભાઈ ગીગડ રહે. વિક્ટોરીયા પુલ પાસે, ભારતવાસ,જામનગર, મૂળ-જાંબુડા.નામના શખ્સને ઈંગ્લીશ દારૂની ૪૦૨ નંગ.બોટલ કિમંત રૂ. ૫,૨૨,૬૦૦ તથા એક કાર કિમંત રૂ. ૬,૦૦,૦૦૦ અને મોબાઈલ કિમંત રૂ. ૫૦૦૦ કુલ મળી રૂ. ૧૧,૨૭,૬૦૦ના મુદામાલ સાથે ઝડપી લઈ ઈનાયત ઉર્ફે તોતો ઉર્ફે ટાઈગર ઈબ્રાહીમ મસીયાર રહે. જામનગર.નામના શખ્સને ફરાર જાહેર કરી શોધખોળ હાથ ધરી છે.

જયારે ઈંગ્લીશ દારૂનો બીજો દરોડો ઠેબા ચોકડી નજીક પાડયો હતો, એલસીબી ટીમના મયુરસિંહ પરમાર, યુવરાજ સિંહ ઝાલ.અને.રૂષિરાજસિંહ વાળાને બાતમી મળી હતી કે,જામનગર તાલુકાના ઠેબા નજીકથી ઈંગ્લીશ દારૂના જથ્થા સાથે એક કાર પસાર થવાની છે, જેથી પીઆઈ વી.એમ. લગારીયાના માર્ગદર્શન હેઠળ પીએસઆઈ પી.એન. મોરી અને સી.એમ. કાંટેલીયાની સૂચનાથી એલસીબીની ટીમ દ્વારા વોચ ગોઠવવામાં આવી હતી, જ્યાંથી યશપાલસિંહ ઉર્ફે ગડીયો નરેન્દ્રસિંહ જાડેજા રહે. મચ્છરનગર, ગંગેશ્વર મંદિર પાસે નામના શખ્સને ઈંગ્લીશ દારૂની ૨૪૬ નંગ બોટલ કિમંત રૂ. ૨,૭૦,૬૦૦ તથા એક કાર કિમંત રૂ. ૨,૦૦,૦૦૦ અને એક મોબાઈલ કિમંત રૂ. ૫૦૦૦ કુલ મળી રૂ. ૪,૭૫,૬૦૦ના મુદામાલ સાથે ઝડપી લઈ હિતેન્દ્રસિંહ ઉર્ફે વેલ્ડીંગ વિક્રમસિંહ વાળા રહે. પુનિતનગર, જામનગર અને ઈનાયત ઉર્ફે તોતો ઉર્ફે ટાઈગર ઈબ્રાહીમ મસીયાર રહે. જામનગર નામના બે શખ્સને ફરાર જાહેર કરી શોધખોળ હાથ ધરી હતી.

મોરબીમાં બે અલગ અલગ માર્ગ અકસ્માતઃ રફાળેશ્વર અને ઘુંટુ નજીક ટ્રકની ટક્કરે બે બાઈક ચાલક ઈજાગ્રસ્ત

મુખ્ય સમાચાર, મોરબી

મોરબી તાલુકા વિસ્તારમાં રફાળેશ્વર-જાંબુડીયા સર્વિસ રોડ અને મોરબી-હળવદ હાઈવે પર ઘુંટુ ગામ નજીક થયેલા બે અલગ અલગ માર્ગ અકસ્માતોમાં ટ્રક અને હાઈવાના ચાલકો દ્વારા પોતાના વાહન ગફલતભરી રીતે ચલાવી આવી અકસ્માત સર્જ્યો હતો, જે અકસ્માતમાં બે મોટર સાયકલના ચાલકોને ગંભીર ઈજાઓ પહોંચી હતી. બંને બનાવોમાં મોરબી તાલુકા પોલીસે બન્ને ટ્રકના ચાલક વિરુદ્ધ બી.એન.એસ. અને એમ.વી. એક્ટ મુજબ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

મોરબી તાલુકા વિસ્તારમાં છેલ્લા દિવસોમાં બે અલગ અલગ સ્થળોએ થયેલા માર્ગ અકસ્માતના બનાવની મળતી વિગતો મુજબ, પ્રથમ બનાવ મોરબી-હળવદ હાઈવે રોડ ઉપર ઘુંટુ ગામના ત્રણ રસ્તા પાસે તારીખ ૦૪/૦૧/૨૦૨૬ના રોજ બન્યો હતો. જેમાં હળવદ તાલુકાના કડીયાણા ખાતે રહેતા રવિભાઈ નવઘણભાઈ ગોલતર પોતાના સ્પ્લેન્ડર મોટરસાયકલ રજી.નં. જીજે-૩૬-એએસ-૬૧૩૧ ઉપર આંદરણા પાસે સેલોજા કારખાને જઈ રહ્યા હતા. તે દરમ્યાન ટ્રક રજી.નં. જીજે-૧૨-બીવી-૧૪૭૮ના ચાલકે ગફલતભરી રીતે ટ્રક ચલાવી તેમની બાઈકને બાજુમાંથી ટક્કર મારતા રવિભાઈને ડાબા પગે ઘૂંટણની નીચે ત્રણ-ચાર ફ્રેક્ચર જેવી ગંભીર ઈજાઓ તેમજ શરીરે છોલછાલ થઈ હતી.

જ્યારે બીજો અકસ્માત રફાળેશ્વર-જાંબુડીયા સર્વિસ રોડ ઉપર ઓવરબ્રીજ પાસે તારીખ ૩૦/૧૨/૨૦૨૫ના રોજ થયો હતો. જેમાં મોરબી શહેરના લીલાપર રોડ ઉપર રહેતા મૂળ ટંકારા તાલુકાના મોટા રામપર ગામના વતની કેશુભાઈ નટુભાઈ વિકાણી પોતાના એક્ટીવા રજી.નં. જીજે-૩૬-એએન-૬૪૭૬ ઉપર જઈ રહ્યા હતા. તે સમયે જાંબુડીયા તરફથી આવતા ટ્રક (હાઈવા) રજી.નં. જીજે-૧૨-એયુ-૮૯૧૦ ના ચાલકે પુરઝડપે અને બેફિકરાઈથી વાહન ચલાવી એક્ટીવાને પાછળથી ટક્કર મારી હતી. આ અકસ્માતમાં કેશુભાઈને છાતીના ભાગે પાસળીઓમાં ફ્રેક્ચર જેવી તેમજ ડાબા પગમાં ગંભીર ઈજાઓ પહોંચી હતી, જ્યારે સાહેદ વેરસીંગભાઈને પણ શરીરે સામાન્ય ઈજાઓ થઈ હતી.

ત્યારે અકસ્માતના બંને બનાવોમાં મોરબી તાલુકા પોલીસે બીએનએસ અને એમવી એક્ટ હેઠળ બંને આરોપી ટ્રકના ચાલક વિરુદ્ધ ગુનો નોંધી આગળની ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

લાલપુર તાલુકાના નવી વેરાવળ ગામમાં જાહેરમાં જુગાર રમતા છ ઝડપાયા

મુખ્ય સમાચાર, જામનગર

જામનગર જિલ્લાના લાલપુર તાલુકાના નવી વેરાવળ ગામમાં પોલીસે જુગાર અંગે દરોડો પાડો હતો અને છ જુગારીઓની અટકાયત કરી લઈ રોકડ રકમ તેમજ જુગારનો સામાન કર્યો છે.

લાલપુર પોલીસ સ્ટેશનની ટુકડીએ પૂર્વ બાતમીના આધારે લાલપુર તાલુકાના નવી વેરાવળ ગામમાં જુગાર અંગેનો દરોડો પડ્યો હતો, જયાંથી જાહેરમાં ગંજીપાના વડે જુગાર રમી રહેલા ભીમશીભાઇ ખીમાભાઈ ગાગીયા, મહેન્દ્રસિંહ ચંદુભા જાડેજા, મુસ્તાક આમદભાઈ અખાણી, રફીક નૂરમહમદ શાહમદાર અને અલ્તાફ નૂરશા શાહમદાર તથા જયંતીલાલ દયારામ દાણીધારીયા સહિત ૬ ની અટકાયત કરી લઈ તેઓ પાસેથી રૂપિયા ૬૧,૨૧૦ ની માલમતા કબજે કરી છે.

મોરબી જીલ્લામાં અપમૃત્યુના અલગ અલગ ત્રણ બનાવ નોંધાયા

મુખ્ય સમાચાર, મોરબી

મોરબી, ટંકારા અને માળીયા (મી) તાલુકામાં અલગ અલગ ત્રણ અપમૃત્યુના બનાવ નોંધાયા છે. જેમાં મકનસર પાસે થયેલા વાહન અકસ્માત-માં એક યુવાનનું મોત થયું હતું, જ્યારે ટંકારા તાલુકાના ઘુનડા (સ) ગામે સ્મશાન નજીક રાખડતું ભટકતું જીવન જીવતા યુવાનની લાશ મળી આવી હતી. આ ઉપરાંત માળીયા(મી)ના મોટા દહીંસરા ગામે ઝેરી દવા પી લીધા બાદ સારવાર દરમિયાન ખેતશ્રમિકનું મોત થયું હોવાનું સામે આવ્યું છે. ત્રણેય બનાવોમાં પોલીસે અ.મોતની નોંધ કરી છે.

અપમૃત્યુના પ્રથમ બનાવમાં મોરબી તાલુકાના મકનસર ગામ પાસે એક વાહન અકસ્માતમાં ૩૨ વર્ષીય હરીકૃષ્ન પ્રમોદ ઘેના રહે. અપેક્ષ કારખાનાના લેબર ક્વાર્ટર મકનસર વાળાનું મોત થયું હતું. મૃતકની ડેડબોડી મોરબી સરકારી હોસ્પિટલમાં લાવવામાં આવતા ફરજ પરના તબીબે પોલીસને જાણ કરતા પોલીસે અ. મોતની એન્ટ્રી કરી આગળની તપાસ હાથ ધરી છે.

બીજા બનાવમાં ટંકારા પોલીસ સ્ટેશનમાં નોંધાયેલ અપમૃત્યુના બનાવમાં કિશોરભાઈ અલુભાઈ આંકરીયા ઉવ.૩૫ રહે. ડુંગરપુર તા. હળવદ મુળ રહે. ભીમગુડા તા. વાંકાનેર વાળા ગત તા. ૦૫/૦૧/૨૦૨૬ના રોજ ટંકારા તાલુકાના ઘુનડા (સ) ગામે સ્મશાનની બાજુમાં અવેડા પાસે તેઓ મરણ ગયેલ હાલતમાં મળી આવ્યા હતા. મરણજનાર ભટકતું જીવન જીવતા હોવાનું અને તેમના મોટાભાઈએ લાશની ઓળખ કરી હતી. મૃત્યુ અંગે કોઈ શંકા ન હોવા છતાં ચોક્કસ કારણ જાણવા અપમૃત્યુની નોંધ કરી પોલીસે આગળની તપાસ હાથ ધરી છે.

જ્યારે ત્રીજા અપમૃત્યુના બનાવની મળતી વિગતો મુજબ, માળીયા(મી)ના મોટાદહીંસરા ગામે પ્રભાતભાઈ ચંદુભાઈ આહીરની વાડીએ રહેતા નરશીભાઈ ભેરુભાઈ વસુનીયા ઉવ. ૩૮ મૂળરહે. ચાકયા કલાન તા. જુલના જી. ધાર, મ.પ્ર.વાળાએ તા.૦૬/૦૧ના રોજ કોઈ અગમ્ય કારણોસર ઝેરી દવા પી લીધી હતી. ત્યારે ઝેરી અસરને કારણે તેમની તબિયત લથડતાં તેઓને મોરબી સરકારી હોસ્પિટલમાં લાવવામાં આવ્યા હતા, જ્યાં તા.૦૭/૦૧/૨૦૨૬ના રોજ ફરજ પરના ડૉક્ટરે તેમને મૃત જાહેર કર્યા હતા. હાલ માળીયા(મી) પોલીસે મૃત્યુના બનાવ અંગે અ.મોતની નોંધ દાખલ કરી ધોરણસરની કાર્યવાહી શરૂ કરી છે.

લજાઈ-હડમતીયા રોડ પર કેબિનમાં દેશી દારૂનું વેચાણ કરતો ઈસમ ઝડપાયો

કેબિન ચેક કરશો તો માણસો ભેગા કરી પોલીસ સ્ટાફને એટ્રોસિટી કેસમાં ફિટ કરી દેવાની ધમકી

મુખ્ય સમાચાર, મોરબી

ટંકારા તાલુકાના લજાઈ ગામ નજીક જાહેર રસ્તા કાંઠે લોખંડની કેબિનમાં ગેરકાયદેસર દેશી દારૂ રાખી તેનું વેચાણ કરતા એક ઈસમને પોલીસે ઝડપી લીધો છે. રેઈડ દરમિયાન દેશી દારૂ, મોબાઈલ ફોન સહિત રૂ. ૬૬૦૦નો મુદ્દામાલ કબ્જે કરી પ્રોહિ. કલમ હેઠળ ગુનો દાખલ કરવામાં આવ્યો છે. અત્રે ઉલ્લેખનીય છે કે, પકડાયેલ આરોપીએ પોલીસની કાર્યવાહી અટકાવી પોલીસ ટીમને એટ્રોસિટી કેસમાં ફિટ કરાવી દેવાની ધમકીઓ આપી હતી.

ટંકારા તાલુકાના લજાઈ ગામથી હડમતીયા તરફ જતા ડામર રોડ ઉપર પોલીપેક કારખાનાની સામે આવેલી કેબિન પાસે ગેરકાયદેસર રીતે દેશી દારૂ વેચાણ થતું હોવાની માહિતીના આધારે પોલીસે રેઈડ કરી હતી. આ દરમિયાન આરોપી અમૃતભાઈ આલાભાઈ ચાવડા ઉવ.૩૬ રહે. ગામ લજાઈ તા. ટંકારા વાળાને ઝડપી પાડવામાં આવ્યો હતો. પોલીસે આરોપીની હવાલાવાળી લોખંડની કેબિનમાંથી પ્લાસ્ટિકના બાચકામાં દેશી દારૂ ભરેલ કોથળીઓ નંગ-૪૦ કિ.રૂ. ૮૦૦/- વેચાણ કરવાના ઈરાદે રાખ્યો હતો. આ સાથે આરોપી પાસેથી વિવો વી-૧૯ મોબાઈલ ફોન કિ.રૂ.૫ હજાર મળી આવતા કુલ રૂ. ૬૬૦૦/-નો મુદ્દામાલ કબ્જે કરવામાં આવ્યો હતો.

વધુમાં રેઈડ દરમિયાન આરોપીએ પોલીસની કાયદેસરની કાર્યવાહી અટકાવવાના પ્રયાસરૂપે ઊંચા અવાજે બોલી, પોલીસ સ્ટાફના કર્મચારીઓને એટ્રોસિટી કેસમાં ફસાવી દેવાની ધમકી આપીને પોલીસ તપાસ અને કાર્યવાહીમાં અડચણ ઊભી કરી હોવાનું પણ નોંધાયું છે. ત્યારે આ સમગ્ર બનાવ અંગે આરોપી વિરુદ્ધ પ્રોહિબિશન એક્ટની કલમ હેઠળ ગુનો નોંધી ટંકારા પોલીસે આગળની વધુ તપાસની તજવીજ હાથ ધરી છે.

મોરબી-૨ મફતીયાપરામાં જાહેરમાં તીનપત્તિનો જુગાર રમતા ત્રણ પોલીસ ઝપટે ચડ્યા

મોરબી સીટી બી ડિવિઝન પોલીસ ટીમે સામાકાંઠા વિસ્તારમાં સર્કિટ હાઉસ સામે મફતીયાપરામાં જાહેર ચોકમાં ગંજીપત્તાના પાના વડે પૈસાની હારજીતનો તીનપત્તિનો જુગાર રમતા રાકેશભાઈ ભુપતભાઈ સકેરા ઉવ.૨૦ રહે. સર્કિટ હાઉસ સામે મફતયાપરા મોરબી-૨, પ્રતાપભાઈ સવસીભાઈ દેલવાણીયા ઉવ.૨૮ રહે.હળવદ રોડ આઈટીઆઈ પાછળ મોરબી-૨ તથા વિજયભાઈ પરષોત્તમભાઈ વડોદરીયા ઉવ.૧૯ રહે. શકત શનાળા ગામ વાળાને રોકડા રૂ.૧,૨૦૦/- સાથે પકડી લઈ તમામ વિરુદ્ધ જુગારધારા હેઠળ કાર્યવાહી હાથ ધરી છે.

૧૫૦ ફુટ રીંગ રોડ તથા જામનગર રોડ જંકશન પાસે ભવ્ય એન્ટ્રી ગેઈટ બનશે

રાજકોટ મનપાની સ્ટેન્ડીંગ કમિટીની બેઠકમાં ૨૧૦ કરોડના નવા વિકાસ કામોને મંજૂરીઃ વાહન ખરીદી પાછળ ૭.૯૯ કરોડનો ખર્ચ થશેઃ જ્યારે બિલ્ડીંગ કામ અને નવીનીકરણ પાછળ ૪૮.૨૭ કરોડ ખર્ચાશેઃ કુલ ૬૩ દરખાસ્તોને અપાઇ લીલીઝંડી

તસ્વીર : ગૌરવ લશ્કરી

મુખ્ય સમાચાર, રાજકોટ

આજે રાજકોટ મહાનગરપાલિકાની સ્ટે. કમિટીની બેઠક મળી હતી. જેમાં કુલ ૨૧૦.૦૧ કરોડના નવા વિકાસ કામોને કમિટીએ લીલીઝંડી આપી હતી. ખાસ કરીને શહેરના પાણી પાઈપ લાઈન વિહોણા વિસ્તારોમાં ટેન્કર મારફત પાણી વિતરણ ગત સ્ટેન્ડિંગમાં પેન્ડિંગ રહેલી દરખાસ્તો તથા ૧૫૦ ફુટ રીંગ રોડ જામનગર રોડ જંકશન પાસે એન્ટ્રી ગેઇટ બનાવવા, રેલ્વે જંકશન સામે રસ્તા પૈકીની જમીન ઉપરથી દુર કરાવેલ દુકાનોના માલીકોને વેકલ્પિક જમીન ફાળવવા સહિતની ૬૬ દરખાસ્તો અંગે નિર્ણય લેવાયો હતો. જેમાંથી ૩ દરખાસ્ત પેન્ડિંગ રખાઇ હતી.

મ્યુનિ. કોર્પોરેશનની સ્ટેન્ડિંગ કમિટીની મીટીંગ બપોરે ૧૨ કલાકે મનપાની સેન્ટ્રલ ઝોન કચેરીમ પ્રથમ માળે આવેલ સ્ટેન્ડિંગ કમિટી કોન્ફરન્સરૂમમાં સ્ટેન્ડિંગ કમીટી ચેરમેન જયમીન ઠાકરની અધ્યક્ષતામાં મળી હતી.

ખાસ કરીને મહાનગરપાલિકા હસ્તકનાં જયુબિલી સંકુલમાં આવેલ અરવિંદભાઈ મણીયાર ઓડિટોરીયમનું આધુનિકરણનું કામ પૂર્ણ થયેલ હોવાથી તેનું લોકાર્પણ થનાર હોઈ, ઓડિટોરીયમ ભાડેથી આપવા ડીપોઝિટ તથા ભાડાનાં દર રૂ.૬૦૦૦થી ૧૨૦૦૦ નક્કી કરવામાં આવ્યા હતા.

શહેરની વોર્ડ નં.-૧માં સંતોષ પાર્ક મેઈન રોડ પર રાજકોટ મહાનગરપાલિકા દ્વારા તૈયાર કરવામાં આવેલ નવનિર્મિત કોમ્યુનિટી હોલનું સંદર્ભ(૧)ના પત્રથી બાંધકામ શાખાનાં જણાવ્યા મુજબ ટૂંક સમયમાં કામ પૂર્ણ થવામાં હોય, જેથી તેનું લોકાર્પણ થનાર હોઈ, સહ હુ હોલ ભાડેથી આપવા ડીપોઝિટ તથા ભાડાની રકમની દરખાસ્ત મ્યુનિ. કમીશનર વિભાગમાંથી સુચવામાં આવ્યું છે.

૨૮.૬.૦૬.૧૮૫, તા.૧૪/૦૫/૨૦૧૫થી શહેરના જુદા જુદા વિસ્તારમાં આવેલા રાજકોટ મહાનગરપાલિકા જ ખુ હસ્તકના કોમ્યુનિટી હોલની ડિપોઝીટ તથા ભાડાની રકમ નિયત કરવામાં આવેલ છે. જેમાં પત્રક એ મુજબના હોલ માટે ડિપોઝીટ રૂ.૪૦૦૦/- તથા ભાડુ રૂ.૨૦૦૦/- તથા પત્રક બી મુજબના હોલ માટે ડિપોઝીટ રૂ.૪૦૦૦/-તથા ભાડુ રૂ.૪૦૦૦ મુજબ નિયત કરવામાં આવેલ છે.

મહાનગરપાલિકા - વેસ્ટ ઝોનમાં બીજા ૧૫૦ ફુટ રીંગ રોડ તથા જામનગર રોડ જંકશન પાસે ભવ્ય એન્ટ્રી ગેઇટ બનાવવાના કામે પ્રવર્તમાન ૧૮.૦૦ ટકા જીએસટી સહિત આ કામે કુલ રૂા. ૩,૫૩,૪૫૦ એસ્ટીમેટ મંજૂર કરવામાં આવેલ છે. આ કામે અંદાજીત ૧૧૩.૦૦ રનીંગ મીટરમાં આર. સી. સી. ભવ્ય એન્ટ્રી ગેઇટ બનાવવાનું કામનો સમાવેશ કરવામાં આવેલ છે. અને રૂા. ૨,૯૯,૫૩,૩૮૩ (અકે રૂપિયા બે કરોડ નવ્વાણુ લાખ ત્રેપન હજાર ત્રણસો ત્યાસી પુરા) ની રકમ મટે ટેન્ડર પ્રક્રિયા કરવામાં આવેલ તેમાં બે એજન્સીઓ રસ દાખવતા વેલ છે. ઈનોવેટીવ એન્ટરપ્રાઈઝના ૪.૯૯ ટકા વધુ ભાવ આવતા મુલ્યાંકન કમીટી સમક્ષ રજુ થતા ઉકત આવેલ ૪.૯૯ ટકા વધુ ભાવ ટેન્ડર મુલ્યાંકન કમીટીના અભિપ્રાય અનુસાર વ્યાજબી ખર્ચ થશે.

મહાનગરપાલિકાની ફાયર એન્ડ ઈમરજન્સી શાખા માટે ૯ નંગ મીની ફાયર ફાઈટર ખરીદવા રૂ.૭.૯૯ કરોડને મંજૂરી અપાઈ હતી.

જામનગરમાં ટેક ફેસ્ટ-૨૦૨૬ નો ભવ્ય પ્રારંભ

મુખ્ય સમાચાર, જામનગર

જામનગરના ઔદ્યોગિક ક્ષેત્રમાં GIDC પ્લોટ એન્ડ શેડ હોલ્ડર્સ એસોસીએશન દ્વારા ટેક ફેસ્ટ ઈન્ડસ્ટ્રીઝ ફેર-૨૦૨૬નો શુભારંભ થયો છે. ખાસ સિટી તરીકે ઓળખાતા જામનગર માટે આ મેગા એક્ઝિબિશન એક મહત્વપૂર્ણ ઘટના છે.આ મેળાનો ઉદઘાટન સમારોહ દીપ પ્રાગટ્ય સાથે શરૂ થયો હતો. નવતન પુરીધામ ખીજડા મંદિર ટ્રસ્ટના મહંત અને આચાર્ય કૃષ્ણમણીજી મહારાજના હસ્તે રીબીન કાપીને મેગા ફેસ્ટને વિધિવત રીતે ખુલ્લો મુકવામાં આવ્યો હતો.આ આ પ્રસંગે રાજકીય નેતાઓ, ઔદ્યોગિક સંગઠનોના હોદેદારો અને મોટી સંખ્યામાં ઉદ્યોગકારો ઉપસ્થિત રહ્યા હતા. રીબીન કટિંગ બાદ મહારાજ અને અન્ય મહાનુભાવોએ પ્રદર્શનમાં ઉભા કરાયેલા વિવિધ સ્ટોલ્સની મુલાકાત લીધી હતી અને અદ્યતન મશીનરી તેમજ પ્રોડક્ટ્સ વિશે માહિતી મેળવી હતી.ઉપસ્થિત જનમેદનીને સંબોધતા આચાર્ય કૃષ્ણમણીજી મહારાજે જણાવ્યું હતું કે, આપણો દેશ ઉત્પાદનમાં શ્રેષ્ઠ છે પરંતુ પેકિંગમાં આપણે થોડા નબળા પડીએ છીએ. જો આપણે આપણી પ્રોડક્ટનું પેકિંગ વધુ આકર્ષક બનાવીએ અને વિશ્વસ્તરીય ફિનિશિંગ સાથે માલ મોકલીએ, તો આપણને કોઈ હરાવી ન શકે.તેમણે GIDC એસોસીએશનના આ ટેક ફેસ્ટના આયોજનને સરાહનીય ગણાવ્યું હતું. મહારાજે જામનગર ઔદ્યોગિક ક્ષેત્રે ખૂબ આગળ વધે અને વિશ્વના નકશા પર તેનું નામ રોશન કરે તેવા આશીર્વાદ પણ આપ્યા હતા.આ તકે પૂર્વ કેબિનેટ મંત્રી અને હાલના ધારાસભ્ય રાઘવજી પટેલ, કાલાવડના ધારાસભ્ય મેઘજી ચાવડા, ભાજપ જિલ્લા પ્રમુખ વિનુ ભીંડેરી, શહેર ભાજપ પ્રમુખ બીનાબેન કોઠારી અને જામનગર મહાનગરપાલિકાના ડેપ્યુટી મેયર કિશ્નાબેન સોઢા ઉપસ્થિત રહ્યા હતા. આ ઉપરાંત પૂર્વ શહેર ભાજપ પ્રમુખ વિમલ કગથરા પણ હાજર રહ્યા હતા.આ તમામ મહાનુભાવોએ એસોસીએશનની કામગીરીની પ્રશંસા કરી હતી અને જામનગરના લઘુ ઉદ્યોગોને સરકાર અને સંગઠન તરફથી મળતા સહયોગની ખાતરી આપી હતી.ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીઝના મંત્રી બિપેન્દ્રસિંહ જાડેજા, જામનગર ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીઝના પ્રમુખ રમણીક અકબરી અને જામનગર ફેક્ટરી ઓનર્સ એસોસીએશનના પ્રમુખ રામજી ગઢીયાએ ખાસ હાજરી આપી હતી. ફેડરેશન ઓફ ઈન્ડસ્ટ્રીઝ એન્ડ એસોસીએશનસ (FIA)ના ખજાનચી લાખા કેશવાલા પણ આ પ્રસંગે જોડાયા હતા. આ તમામ અગ્રણીઓએ એકસૂરે સ્વીકાર્યું હતું કે, આવા મેગા ટેકફેસ્ટ થકી જામનગરના સ્થાનિક ઉદ્યોગોને ગ્લોબલ માર્કેટની સ્પર્ધામાં ટકી રહેવા માટે જરૂરી ટેકનોલોજીકલ અપડેટ્રેશન અને નવી દિશા મળી રહેશે, અને આ ચાર દિવસીય મેળો ઉદ્યોગકારો માટે જ્ઞાન અને વ્યાપારનો સંગમ તીર્થ બની રહેશે.

મનરેગા યોજનાના ભ્રષ્ટાચાર કેસમાં ધોરાજીના ફરેણી ગામના સરપંચના આગોતરા જામીન રદ

આરોપી અગાઉના ગુનાની વિગત છુપાવે ત્યારે તેમને જામીન ઉપર છોડવા જોઇએ નહીં' સરકારી વકીલની દલીલ માન્ય રખાઈ

મુખ્ય સમાચાર, ધોરાજી

અહેવાલ - કૌશલ સોલંકી

ધોરાજી તાલુકાના ફરેણી ગામે મનરેગાના. કોભાંડ ના આરોપીઓ ની જામીન અરજી ધોરાજી કોર્ટે રદ કરી છે આરોપી અને ફરેનીના તત્કાલીન સરપંચ સવિતાબેન ભીખાભાઈ રાખોલીયા દ્વારા ધોરાજી એડિશનલ ડિસ્ટ્રિક્ટ કોર્ટમાં આગોતરા જામીન અરજી દાખલ કરવામાં આવી હતી અને દલીલ કરવામાં આવી કે તેમની સાથેના રાજકીય વિરોધી વજુભાઈ વીરજીભાઈ વધાસિયા એક કરેલી ખોટી અરજીના આધારે વર્ષ ૨૦૧૦ ના કામનો ખાર રાખી અને હાલ વર્ષ ૨૦૨૫ માં પોલીસે ગુનો નોંધિલો છે. તેઓ ક્યાંય નાસી ભાગી જાય તેમ નથી. અને તપાસમાં પૂરતો સહકાર આપવા તૈયાર છે વૃદ્ધ ઉંમર છે તેમને આગોતરા જામીનનું રક્ષણ મળવું જોઈએ. આજ બનાવ અંગે અગાઉ પણ વર્ષ ૨૦૧૮ માં પોલીસે ચાર્જશીટ કરેલું છે. હવે તે નવી ફરિયાદને ગ્રાહ્ય રાખી શકાય નહીં. પોલીસને પ્રોસિક્યુશન મંજૂરી પણ મળી નથી. આવા સંજોગોમાં આગોતરા જામીન મંજૂર કરવા વિનંતી કરી હતી.સરકાર પક્ષે પબ્લિક પ્રોસિકયુટર શ્રી કાર્તિક પારેખે દલીલ કરી હતી કે, આરોપી સામે પ્રાઈમાફેસી કેસ પુરવાર છે, ભ્રષ્ટાચાર તે કોઈ વ્યક્તિ નહીં પરંતુ રાષ્ટ્ર વિરોધી પ્રવૃત્તિ છે તેના કારણે કેન્દ્ર સરકારની તથા રાજ્ય સરકારની ગ્રાન્ટ ખરા લાભાર્થી સુધી પહોંચી રહી નથી. આવા સંજોગોમાં હાલના અરજદારને આગોતરા જામીનનું રક્ષણ આપવામાં આવે તો સમાજ પર વિપરીત અસર પડે. વર્ષ ૨૦૧૮માં જે ચાર્જ સીટ થયું છે તે વાઉચર અલગ છે અને હાલના તપાસના વાઉચર અલગ છે. અને આ આરોપી ઉપર અગાઉ ભ્રણહાર નો એક કેસ ચાલી રહ્યો છે, જે હકીકત આરોપી તરફથી અદાલત સમક્ષ છુપાવવામાં આવી છે. સર્વોચ્ચ અદાલતના કુશલસિંહ વિરુદ્ધ સરકારના કેસમાં ઠરાવેલું છે કે જ્યારે આરોપી અગાઉના ગુના ની વિગત છુપાવે ત્યારે તેમને જામીન ઉપર છોડવા જોઈએ નહીં તેમની જામીન અરજ્માં કોઈ લાભઆપવો જોઈએ નહીં આ પ્રસ્થાપિત સિદ્ધાંતને ધ્યાને લઈ અને આરોપીના જામીન રદ કરવા જોઈએ. બંને પક્ષની દલીલોને સાંભળી અને એડિશનલ ડિસ્ટ્રિક્ટ જજ અલી હુસેન મોહીબુલા શેખ એ પૂર્વ સરપંચ સવિતાબેન ભીખાભાઈ રાખોલીયા ના આગોતરા જામીન રદ કરેલા છે.

સમાચાર સંક્ષીપ્તમાં

મોરબીના વીસીપરા મેઈન રોડ ઉપરથી ૫ નંગ જીવલેણ ચાઈનીઝ દોરી સાથે એક પકડાયો

મોરબીના વીસીપરા રોહિદાસપરા મેઈન રોડ ઉપર ગુજરાત સોસાયટીના નાકા પાસેથી આરોપી વિજયભાઈ મગનભાઈ રાઠોડ ઉવ.૪૦ રહે.ગુજરાત સોસાયટી શેરી નં.૨ વાળાને બી ડિવિઝન પોલીસે પ્રતિબંધિત ચાઈનીઝ દોરીના ૫ નંગ ફિરકા કિ.રૂ.૧,૦૦૦/-સાથે ઝડપી લેવામાં આવ્યો હતો. પોલીસે પકડાયેલ આરોપી વિરુદ્ધ બીએનએસ કલમ ૨૨૩ હેઠળ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

મોરબીના બંધુનગર નજીક ઇકો કારમાં મોંઘીદાટ દારૂની ૪ બોટલ લઈ નીકળેલ બે પકડાયા

મોરબી તાલુકા પોલીસ ટીમ રાત્રી દરમિયાન પેટ્રોલિંગમાં હોય તે દરમિયાન મોરબી-વાંકાનેર નેશનલ હાઇવે ઉપર બંધુનગર ગામ નજીક પેગવીન કારખાના સામે વાહન ચેકીંગ કામગીરીમાં હોય તે દરમિયાન વાંકાનેર તરફથી આવતી ઈકો કાર રજી.નં. જીજે-૧૩-એબી-૫૯૪૩ને રોકી કારની તલાસી લેતા તેમાંથી વિદેશી દારૂ જેમસન આઈરીસ વ્હિસ્કીની ૪ બોટલ કિ.રૂ.૨૩,૬૦૦/- મળી આવતા તુરંત ઈકો કાર ચાલક ચીકાભાઈ છનાભાઈ વાટુકીયા ઉવ.૩૯ રહે.દીંગેસર તા.મુળી જી.સુ.નગર તથા આરોપી આશિષકુમાર હિંમતલાલ પૂજારા ઉવ.૩૫ રહે. આસુંન્દ્ર તા.મુળી જી.સુ.નગર વાળાની અટક કરવામાં આવી હતી. આ સાથે પોલીસે ઇકો કાર અને દારૂ સહિત કુલ રૂ.૧,૨૩,૬૦૦/-નો મુદ્દામાલ કબ્જે લઈ બંને આરોપીઓ સને તાલુકા પોલીસ મથકમાં પ્રોહી.એક્ટ હેઠળ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

મોરબીના આમરણ ગામે રોડ ઉપર જાહેરમાં તીનપત્તિનો જુગાર રમતા ત્રણ ઝબ્બે

મોરબી તાલુકા પોલીસ ટીમ પેટ્રોલિંગમાં હોય તે દરમિયાન આમરણ ગામની સીમમાં બજરંગ હોટલ સામે વોકળા કાંઠે આવળની કાંટમાં ગંજીપત્તાના પાના વડે જુગાર રમવાની મજા માણતા ત્રણ જુગારી વાસીનમીયા દોલુમીયા બુખારી ઉવ.૫૪, તૌકિકભાઈ અશરફભાઈ બુખારી ઉવ.૨૯ તથા કાદરમીયા મજીદમીયા બુખારી ઉવ.૪૪ ત્રણેય રહે. આમરણ ગામ તા.જી.મોરબી વાળાને તીનપત્તિનો જુગાર રમતા રંગેહાથ ઝડપી લેવામાં આવ્યા હતા. પોલીસે આરોપીઓ પાસેથી રોકડા રૂ.૧૦,૨૦૦/-જપ્ત કરી જુગારધારા હેઠળ ગુનો દાખલ કરી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

મોરબીના બેલા ગામે પારકા ઝઘડામાં વચ્ચે પડેલ આધેડનો લાકડીના ઘા મારી પગ ભાંગી નાખ્યો

મોરબીના બેલા(૨) ગામે ઈંડાની લારીએ બોલાચાલી કરતા બે શખ્સોને છોડાવવા વચ્ચે પડેલ મૂળ જામનગર જીલ્લાના તળશાઈ ગામના વતની હાલ બેલા(૨) ગામે એસ્ટોનીયા સીરામીક કારખાનામાં રહેતા ભરતભાઈ એભાભાઈ મોકરીયા ઉવ.૪૨ ને બે પૈકી આરોપી વિશાલભાઈ કેશુભાઈ સાવલીયા રહે.મોરબી વાળાએ આધેડ સાથે બોલાચાલી ઝઘડો કરી આધેડ લાકડીઓ ફટકારી હતી. તે દરમિયાન દેકારો થતા, આરોપી વિશાલભાઈ ત્યાંથી નાસી ગયો હતો. જે બાદ ઈજાગ્રસ્ત ભરતભાઈને ૧૦૮ મારફત મોરબી સરકારી હોસ્પિટલ ખાતે ખસેડતા, જ્યાં તેના પગમાં ફ્રેકચર માટે ઓપરેશન આવેલ હતું. ત્યારે સમગ્ર બાબાત અંગે ભોગ બનનાર ભરતભાઈએ મોરબી તાલુકા પોલીસ સમક્ષ આરોપી વિરુદ્ધ ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

મોરબીમાં કચરો નાખવાના મુદ્દે પાડોશીઓ વચ્ચે ઝઘડો, માતા-પુત્રી પર પાઈપથી હુમલો

મુખ્ય સમાચાર, મોરબી

મોરબી શહેરના સબજેલ સામે હરીજનવાસમાં કચરો નાખવા બાબતે થયેલી બોલાચાલી બાદ ત્રણ પાડોશીઓએ માતા-પુત્રી પર પાઈપથી હુમલો કરી મુઢ ઈજાઓ પહોંચાડ્યાની ફરિયાદ નોંધાઈ છે. હાલ સીટી એ ડિવિઝન પોલીસ સ્ટેશનમાં ત્રણેય આરોપીઓ વિરુદ્ધ ગુનો દાખલ કરવામાં આવ્યો છે.

મોરબી શહેરના સબજેલ સામે આવેલા હરિજનવાસ શેરી નં. ૩ માં રહેતા સરોજબેન ઈશ્વરભાઈ દેવજીભાઈ ચૌહાણ ઉવ.૫૦ એ આરોપી દક્ષાબેન મનીષભાઈ મકવાણા, ધ્રુવ મનીષભાઈ મકવાણા તથા મનીષભાઈ મકવાણા રહે. ત્રણેય સબજેલ સામે હરીજનવાસ મોરબી વાળા વિરુદ્ધ સીટી એ ડિવિઝન પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે, જેમાં કચરો નાખવા બાબતે થયેલી બોલાચાલી હિંસક ઝઘડામાં ફેરવાતા ફરિયાદી માતા-પુત્રીને પાઈપથી માર મારી ઈજાઓ પહોંચાડ્યાનો બનાવ સામે આવ્યો છે. ગત તા. ૧૪/૧૨/૨૦૨૫ના રોજ બપોરના અંદાજે ૦૨૦૦ થી ૦૨૩૦ વાગ્યાના અરસામાં ફરિયાદી સરોજબેન બહાર ગયા હતા તે દરમિયાન પાડોશમાં રહેતા આરોપી દક્ષાબેન મનીશભાઈ મકવાણાએ કચરો નાખવા બાબતે ફરિયાદીની દીકરી પુજાબેન સાથે બોલાચાલી અને ગાળાગાળી કરી હતી. ત્યારે ફરિયાદી ઘરે પરત ફરતા જ દક્ષાબેનના પુત્ર આરોપી ધ્રુવ અને ભવ્યએ ફરિયાદીને અને તેમની દીકરી પૂજાબેનને પાઈપ મારી કાનના ભાગે, નાકના ભાગે તેમજ પગમાં મુઢ ઈજા પહોંચાડી હતી. હાલ પોલીસે ત્રણેય આરોપીઓ વિરુદ્ધ ગુનો નોંધી આગળની તપાસ શરૂ કરી છે.

સચાણામાં અથડામણના આરોપીઓના ઘરે પોલીસ અને વીજતંત્ર દ્વારા ચેકિંગ કરવામાં આવ્યુ

મુખ્ય સમાચાર, જામનગર

જામનગર નજીક સચાણા ગામે સમાહ પુર્વે જુથ અથડામણના પ્રકરણમાં સંડોવાયેલા મનાતા આરોપીઓને ઘરે પોલીસ અને વીજતંત્ર દ્વારા સામુહિક ચેકીંગ કરવામાં આવ્યુ હતુ જેમાં જુદા જુદા ૧૪ આરોપીઓ પૈકી ૧૨ આરોપીઓના ઘરે ચેકીંગ દરમિયાન વીજતંત્રને જુદા જુદા ચારેક રહેણાંક મકાનમા ગેરકાયદે જોડાણ મળી આવતા તમામ સામે વીજ પોલીસ મથકમાં ગુનો નોંધવા માટે કાર્યવાહી હાથ ધરાઈ છે.સચાણા ગામે ગત સમાહે બે જુથ વચ્ચે ધિંગાણુ ખેલાયુ હતુ જેમાં ગંભીર ઈજાગ્રસ્ત આધેડનુ મૃત્યુ નિપજતા બનાવ હત્યામાં પલટાયો હતો. આ જુથ અથડામણ પ્રકરણમાં સંડોવાયેલા આરોપીઓના રહેણાંક મકાનોમાં બુધવારે પોલીસ અને વીજતંત્ર દ્વારા સંયુકત ચેકીંગ કાર્યવાહી કરવામાં આવી હતી.આ ૧૪ પૈકીના ૧૨ આરોપીઓને ત્યાં તપાસણી દરમિયાન વીજતંત્રની ટીમને ઉમર દાઉદ બુચણ, જાફર ઉમર બુચણ, ઈમરાન ઉમર બુચણ, અફજલ ઉમર બુચણ મળી ચારેયના એક મકાન ઉપરાંત સુલતાન જાકુભાઈ બુચણના રહેણાંક મકાન જાવેદ જુમાઅલી જામ, જુમા અલી અને જાકીર દુરોન જુમાઅલી જામને ત્યાં ગેરકાયદે વીજ કનેકશન, સભીર અસગર બુચણ અને જીલાની અસગર બુચણના રહેણાંક મકાને ગેરકાયદે વીજ જોડાણ માટે પીજીવીસીએલ દ્વારા પોલીસ મથકમા ગુનો દાખલ કરવા માટે તજવિજ હાથ ધરાઈ છે. આ સામૂહિક ચેકિંગ કાર્યવાહીના અંતે અનઅધિકૃત વીજ જોડાણોના મામલે વિધીવત ફરિયાદ પણ દાખલ કરાઇ છે.

ગોંડલના રીબડા નજીક કારની ઠોકરે બાઈક ચાલકનું મોત

ઈજાગ્રસ્ત યુવાને ખાનગી હોસ્પિટલમાં સારવારમાં દમ તોડ્યો

મુખ્ય સમાચાર, ગોંડલ

ગોંડલ તાલુકાના રીબડા પાસે હિટ એન્ડ રનની ઘટના બની હતી. જેમાં કારની ઠોકરે રીબડા નાં બાઈક ચાલક નું મોત નીપજ્યું હતું. મૃતક શાપરની કંપનીમાં નોકરી કરતા હતા. બુધવારે મિત્રને મળવા જતા હતા ત્યારે અકસ્માત સર્જાયો હતો.બનાવ અંગે તાલુકા પોલીસે તપાસ હાથ ધરી છે.

આ અંગેની પ્રાપ્ત વિગત મુજબ રીબડા રહેતા ધર્મેન્દ્રસિંહ હરપાલસિંહ ઝાલા ઉંમર વર્ષ ૪૦, ગઈ તારીખ ૨૪/૧૨ના રોજ ૧૦૦૦ વાગ્યા આસપાસ પોતાનું બાઈક લઈને જતા હતા ત્યારે રીબડા ચોકડી જયકાન્ત હોટલ પાસે કોઈ અજાણ્યા કાર ચાલકે અડફેટે લેતા માથે અને શરીરે ઈજા થતાં રાજકોટ સિવિલ હોસ્પિટલના ઈમરજન્સી વિભાગમાં દાખલ કરાયા હતા. બાદ માં તેઓને ખાનગી હોસ્પિટલમાં ફિફર કરાયા હતા. ત્યાંથી ફરી બેભાન હાલતમાં રાજકોટ સિવિલ હોસ્પિટલમાં લાવતા ડોક્ટરે સવારે ૭.૧૭ વાગ્યાં આસપાસ મોત નીપજ્યું હતું. પરિવારજનોએ જણાવ્યું કે, ધર્મેન્દ્રસિંહ સાપર ની કંપનીમાં નોકરી કરતા હતા.

બનાવના દિવસે બુધવાર હતો કંપનીમાં રજા હતી પરંતુ ધર્મેન્દ્રસિંહ પોતાના મિત્રને મળવા માટે બાઈક લઈને સાપર જતા હતા ત્યારે આ બનાવ બન્યો હતો. અકસ્માત સર્જી કારચાલક નાસી છૂટ્યો હતો જેથી પોલીસે તેની શોધખોળ હાથ ધરી હતી. ધર્મેન્દ્રસિંહને સંતાનમાં બે દીકરીઓ છે. જ્યારે તેઓ બે ભાઈમાં મોટા હતા. તેમના અવસાનથી બે દીકરીઓએ પિતાની છત્રછાયા ગુમાવતા પરિવારમાં શોક છવાયો હતો.

માળીયા(મી) ના ચાચાવદરડા નજીક ટ્રક હડફેટે મોટર સાયકલ ચાલક યુવકનું મૃત્યુ

મુખ્ય સમાચાર, મોરબી

માળીયા(મી) તાલુકાના ચાચાવદરડા ગામ નજીક વરદાઈ કારખાનાની સામે હાઇવે રોડ ઉપર પુરપાટ ઝડપે આવતા ટ્રકે મોટર સાયકલને હડફેટે લેતા જામનગરના ૨૩ વર્ષીય આશાસ્પદ યુવકનો જીવનદીપ બુઝાયો હતો. અકસ્માતના આ બનાવમાં મોટર સાયકલ ચાલક યુવકને માથામાં ગંભીર ઈજાઓ પહોચતા તેનું સ્થળ ઉપર જ મૃત્યુ નીપજ્યું હતું. મળતી માહિતી મુજબ, મૂળ રાજેશ્વરી સોસાયટી જામનગરના વતની હાલ આદિપુર(ગાંધીધામ) રહેતા દુષ્યંતસિંહ હેમેન્દ્રસિંહ ભીખુભા જોજા ઉવ.૨૩ ગત તા.૦૫/૦૧/૨૦૨૬ ના રોજ તેમનું મોટર સાયકલ રજી.નં. જીજે-૧૦-ડીપી-૦૨૫૮ લઈને આદિપુરથી જામનગર આવતા હોય ત્યારે રાત્રીના ૧૦ વાગ્યા આસપાસ માળીયા-જામનગર રોડ ઉપર માળીયા(મી) તાલુકાના ચાચાવદરડા ગામ નજીક આવેલ વરદાઈ કારખાના સામે વળાંકમાં સામેથી ટ્રક રજી.નં. જીજે-૧૦-ટીવાય-૦૦૬૩ ના ચાલકે પોતાનો ટ્રક પુરપાટ ગતિએ અને ગફલતભરી રીતે ચલાવી આવી ઉપરોક્ત મોટર સાયકલને હડફેટે લેતા, મોટર સાયકલ ચાલક દુષ્યંતસિંહને માથામાં ગંભીર ઈજાઓ પહોંચતા તેનું મૃત્યુ નીપજ્યું હતું. અકસ્માતમાં મૃત્યુ અંગે મૃતકના પિતા હેમેન્દ્રસિંહ ભીખુભા જોડજાની ફરિયાદને આધારે માળીયા(મી) પોલીસે આરોપી ટ્રકના ચાલક વિરુદ્ધ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

બીજી જ્ઞાતિમાં પરિવારે પ્રેમ લગ્નની ના પાડતા યુવતીનો આપઘાતનો પ્રયાસ

મુખ્ય સમાચાર, રાજકોટ

શહેરમાં મોરબી રોડ ઉપર રહેતી ૨૨ વર્ષીય યુવતીને અન્ય જ્ઞાતિના યુવક સાથે આંખ મળી જતા બંને વચ્ચે પ્રેમ પાંગર્યો હતો. પરિવારે પ્રેમ લગ્નનો ઈનકાર કરી બીજી જ્ઞાતિમાં લગ્ન કરવા હોય તો અમારે તારી સાથે કોઈ સંબંધ નહીં તેવી ધમકી આપતા યુવતીએ કિનાઈલ પી લીધું હતું. યુવતીને ઝેરી અસર થતા સારવાર માટે ખસેડવામાં આવી હતી.

આ અંગે જાણવા મળતી વિગત મુજબ મોરબી રોડ પર જકાતનાકા પાસે રહેતી ૨૨ વર્ષની યુવતીએ કિનાઈલ પી લીધું હતું. યુવતીની તિબ્બયત લથડતા તાત્કાલિક સારવાર માટે સિવિલ હોસ્પિટલ ખાતે દાખલ કરવામાં આવી હતી. આ અંગે સિવિલ હોસ્પિટલ પોલીસ ચોકીના સ્ટાફે બી ડિવિઝન પોલીસને જાણ કરતા બી ડિવિઝન પોલીસ મથકનો સ્ટાફ તાત્કાલિક સિવિલ હોસ્પિટલ ખાતે દોડી ગયો હતો. છેલ્લા છ વર્ષથી અન્ય જ્ઞાતિના યુવક પ્રાથમિક પૂછપરછમાં યુવતીને સાથે પ્રેમ સંબંધ છે. પ્રેમી યુવાન સાથે લગ્ન કરવાની યુવતીએ પરિવારને વાત કરતા માતા પિતાએ આપણી જ્ઞાતિમાં લગ્ન કર બીજી જ્ઞાતિમાં લગ્ન નથી કરવા અને તારે લગ્ન કરવા હોય તો અમારે. તારી સાથે કોઈ સંબંધ નથી તેવી ધમકી આપી પ્રેમ લગ્નનો ઈનકાર કર્યો હતો જેના કારણે યુવતીને લાગી આવતા કિનાઈલ પી લીધું હોવાનું જાણવા મળ્યું છે. આ બનાવ અંગે બી ડિવિઝન પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

જામકંડોરણા ખાતે શ્રીમદ ભાગવત સપ્તાહ ની પોથીયાત્રામાં પરિવાર સાથે ધારાસભ્ય જયેશ રાદડિયા જોડાયા

મુખ્ય સમાચાર, ઉપલેટા

જામકંડોરણા કિસાન પ્લોટ ખાતે ખાતે ક્રિષ્ના ગૌ સેવા સમિતિ દ્વારા આયોજિત શ્રીમદ ભાગવતજીની પોથીયાત્રા ધારાસભ્ય જયેશભાઈ રાદડિયાના નિવાસસ્થાનેથી વાજતે ગાજતે નીકળી હતી. વૈષ્ણવાચાર્ય પ.પૂ.ગો.૧૦૮ શ્રી હરિરાયજી મહોદયના વ્યાસાસને આયોજીત "શ્રીમદ્ ભાગવત કથા"ના ભવ્ય પોથીયાત્રા પ્રસંગે કથામા મુખ્ય યજમાન તરીકે રાદડિયા સહપરીવાર ઉપસ્થિત રહીને શ્રીમદ્ ભાગવતજીના પુજનઅર્ચન કરીને પુ.જીજે શ્રીના આશીર્વાદ લેવાનો અલૌકિક લ્હાવો લેતા યુવા નેતા જયેશ રાદડિયા ગૌ સેવા સમિતિ દ્વારા દરેક ભાવીભક્તોને શ્રીમદ ભાગવત સમાહનો લાવો લેવા પધારવા ભાવભર્યું આમંત્રણ આપવામાં આવ્યું છે રોજ જુદા જુદા પ્રસંગો ઉજવાશે.

MUKHYA SAMACHAR (DAILY EVENING) Publisher, Editor, Printer & Owner : RAJDEEPSINH MANOHARSINH ZALA, Place of Publication : 4/5 Corner Deepak Society, Near Kanaiya Chowk, Raiya, Road, Rajkot-360007 (Gujarat), Printed At :R P PUBLICATION, 31-A JAY JALARAM INDUSTRIAL ESTATE, NH 8B, B/H RUDA TRANSPORTNAGAR, POST-SOKHDA, RAJKOT-360003, GUJARAT

પરાબજાર પાસે દાણાપીઠમાં ત્રણ દુકાનના તાળા તોડી રોકડ અને તેલના ડબ્બાની ચોરી

તસવીર : ગૌરવ લક્કડ

સીસીટીવીમાં કેદ તસ્કરોને ઝડપી લેવા પોલીસની મથામણ

મુખ્ય સમાચાર, રાજકોટ

શહેરની દાણાપીઠમાં તસ્કરોએ ત્રણ દુકાનના તાળા તોડી બે દુકાનોમાંથી રોકડ અને તેલના ડબ્બા સહિતની વસ્તુઓ ઉઠાવી ગયા હતા જ્યારે અન્ય દુકાનમાં ચોરીની કોશિષ કરી હોવાની ફરિયાદના આધારે એ-ડીવીઝન પોલીસે ગુનો નોંધી કાર્યવાહી કરી છે.

આ અંગેની માહિતી મુજબ, જંકશન પ્લોટમાં રહેતા અને દાણાપીઠમાં નીમેષ ટ્રેડર્સ નામની કરિયાણાની દુકાન ચલાવતા નીમેષભાઈ રાજેન્દ્રભાઈ કોટકે એ ડીવીઝન પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી હતી. ફરિયાદમાં જણાવ્યું હતું કે, તા.૨ના રોજ તેની દુકાને જતા દુકાનના તાળા તુટેલા હોય અને સમાન વેર વીખેર હોય ચોરી થયાની જાણ થતા તેની દુકાનમાંથી તસ્કર ૩૭ હજારની રોકડ અને શીંગ તેલના ડબ્બા મળી ૬૦ હજારની મતા ચોરી કરી ગયાનું જણાવતા એ ડીવીઝન પોલીસ મથકના પીઆઇ બોરીસાગર સહિતનો સ્ટાફ ઘટના સ્થળે દોડી જઈ તપાસ કરતા કરિયાણાની દુકાન તેમજ બાજુમાં આવેલી જલારામ ટ્રેડર્સની દુકાનમાંથી ખજૂરના કાર્ટુન તેમજ રોકડ ચોરી કરી ગયાનું તેમજ અન્ય દુકાનમાં તાળા તોડી કોશિષ કરી હોવાનું પ્રાથમિક તપાસમાં બહાર આવતા પોલીસે નિમેષભાઈની ફરિયાદ પરથી ગુનો નોંધી સીસીટીવી ફુટેજના આધારે તસ્કરોને પકડી લેવા દોડધામ કરી છે.

શહેરમાં વડાપ્રધાનને ૪૩૩૮ જવાનોનું સુરક્ષા કવચઃ પોલીસ કર્મીઓની રજાઓ રદ

બે આઇજી, ૧૧ ડીસીપી, ૩૦ એસીપી, ૯૦ પીઆઇ, ૨૩૫ પીએસઆઇ, ૨૫૬૦ પોલીસ જવાનો અને એસઆરપીની ત્રણ કંપની રહેશે ખડેપગે

મુખ્ય સમાચાર, રાજકોટ

રાજકોટમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી વાઈબ્રન્ટ સમીટમાં હાજરી આપવા આવનાર હોય તે ઉપરાંત ૧૫ જાન્યુઆરી કેન્દ્રીય ગૃહમંત્રી અમીત શાહ પણ આવનાર હોય ત્યારે રાજકોટમાં વડાપ્રધાનની સુરક્ષા માટે બે આઈજી કરવના અધિકારી અને ૧૧ ડીસીપી કક્ષાના અધિકારી મળી કુલ ૪૩૩૮ પોલીસનું સુરક્ષા કવચ ગોઠવવામાં આખ્યું છે. તેમજ આજથી ૧૨ જાન્યુઆરી સુધી તમામ પોલીસ અધિકારીઓ અને કર્મચારીઓની રજાઓ પણ કરી દેવામાં આપી છે. આગામી તા.૧૧ જાન્યુઆરી રવિવારના રોજ પડાપ્રધાન નરેન્દ્ર મોદીના હસ્તે રાજકોટની મારવાડી યુનિવર્સિટી ખાતે આયોજીત વાઈબ્રન્ટ ગુજરાત રીઝનલ સમ્મ સમિટનું ઉદઘાટન ધનાર હોય જેમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી સક્તિના આમેધાનો ઉપસ્થિત રહેનાર હોય ત્યારે પડાપ્રધાનની સુરક્ષા અવસ્થાને લઈને મહત્વની બેઠક યોજાઈ હતી. વડાપ્રધાનની સુરતા વ્યવસ્થા સંભાળતા એસ.પી.જી.ની ટીમ રાજકોટ આવી હતી અને સુરક્ષા વ્યવસ્થા અંગે સ્થાનિક પોલીસ અધિકારીઓ સાથે બેઠક પોજી હતી. પોલીસ કમિશ્નર બ્રજેશકુમાર છા, અધિક પોલીસ કમિશનર મહેન્દ્ર ભગડીયા, ડીબીપી ઝોન-૧ હેતલ પટેલ, ડીસીપી ઝોન-લ સકેશ દેસાઈ, ડીસીપી કાઈમ જગદીશ ભાંગરવા, ડીસીપી ટ્રાફીક હરપાલસિંહ જાેજા સાથે બોજેલી બેઠકમાં વડાપ્રધાનની સુરક્ષા વ્યવસ્થા અંગે ચર્ચા કરવામાં આવી હતી. રાજકોટમાં વડાપ્રધાન સહિતના અન્ય ચીઆઈપીઓ પણ આ સમિટમાં ઉપસ્થિત રહેનાર હોય ત્યારે રાજકોટમાં સક્રઙ સુરક્ષા વ્યવસ્થા ગોઠવવામાં આવી છે. ખાસ કરીને પડાપ્રધાનની સુરક્ષા માટે બે આઈજી કક્ષાના અધિકારી તેમજ ૧૧ ડીસીપી, ૩૦ એસીપી, ૯૦ પીઆઈ, ૨૩૫ પીએસઆઈ, ૨૧૧૦ હેડ કોન્સ્ટેબ-કોન્સ્ટેબલ, ૪૫૦ હોમગાર્ડ, ૭૫૦ ટીંગાટોળી જવાન સાથે એસઆરપીની ત્રણ કંપની કે જેમાં ૨૧૦ એસઆરપી જવાનોને તૈનાત કરવામાં આવશે. પડાપ્રધાનની સુરક્ષામાં ચાલુ પણ ન કરકે તેથી ત્રણ સ્તરીય સુરક્ષા વ્યવસ્થામાં વડાપ્રધાનના એરપોર્ટ આગમનથી લઈ માવાડી યુનિવર્સિટી ખાતે કાર્યક્રમ સ્થળ સુધી કાઈડ સરક્ષા ગોઠવવામાં આવશે. પોલીસ વડા ડો.કે. એમ. એલ. રાય દ્વારા વડાપ્રધાનના ગુજરાત પ્રવાસને લાઈને તમામ પોલીસ અધિકારીઓ અને કર્મચારીઓની આજથી ૧૨ જાન્યુઆરી સુધી રજાઓ રદ કરી દેવામાં આી છે. આવે એ પાત ઉલ્લેખનીય છે કે, રાજકોટમાં પડાપ્રધાન નરેન્દ્ર મોદીના રોડ શો થવાનો હતો. જે રોડ શો રદ થતાં સુરક્ષા વ્યવસ્થા હવે માકવાડી યુનિવર્સિટી અને એરપોર્ટ ખાતે સૌઠવવામાં આવી છે.

ન્યારી ડેમ પાસે યુવતીને મળવા બોલાવી શખ્સે માર મારી આપી ધમકી

મોબાઈલ ફેંકી દઈ છરીની અણીએ જાનથી મારી નાખવાની ધમકી આપ્યાની ફરિયાદ

મુખ્ય સમાચાર, રાજકોટ

આંબેડકરનગરમાં રહેતી યુવતીને બહેનપણીની સગાઈમાં એક શખ્સ સાથે પરિચય થયા બાદ મિત્રતા થઈ હતી. બાદમાં આ શખસે યુવતીને ન્યારી ડેમ પાસે વાત કરવા બોલાથી અશોકભાઈ તારા ઘરે કેમ આપે છે કહી ઢીકાપાટુનો માર મારી મોટરસાયકલમાં માથું પછાડી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. જે અંગે યુવતીએ તાલુકા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ સોંપી હતી. વકકથત પત્ની વિગતો પર્ષિકાબેન મૂળજીભાઈ ચાવડા (ઉંમ ૨૪)એ તાલુકા પોલીસ સ્ટેશનમાં નોંધાવેલી ફરિયાદમાં આરોપી તરીકે સાહિલ ચાંડપાનું નામ આપ્યું છે. યુવતીએ ફરિયાદમાં જણાવ્યું હતું કે, છ મહિના પહેલા બહેનપણી જાનવી ચાંડપાની સગાઈમાં ગઈ હતી ત્યારે ત્યાં સાહિલ ચાંડપા સાથે મુલાકાત થઈ હતી બાદમાં બંને મિત્ર બન્યા હતા. એકબીજા અવારનવાર મુલાકાત પતી હતી. ગત તા.૨૯/૧૨/૨૦૨૫ના રોજ સાંજે સાહિલે યુવતીને વાત કરવા જણાવેલ જેથી બંને પોતાની મોટરસાયકલમાં ન્યારી ડેમ પહોંચ્યા હતા. જજ્યાં સાહિલે યુવતીને પૂછ્યું કે, તારે અને ગોપીને જે ફરિયાદ થઈ તેમાં શું હતુ. ત્યારે યુવતીએ કાર્યું કે, જે હોય તે પૂછવું મારા ઘરે જવું છે. કરી શખસે કે, અશોકભાઈ તારા વરે શું કામ આવે છે તારે તેની સાથે શું સંબંધ છે આવું કહી ગાળો ભાંડતા યુવતી ત્યાંથી જવા લાગતા સાહિલે યુવતીના સ્કુટરની લાવી હાડી લઈ વાત કરવા મજબૂર કરી ગાલ પર કડાકા મારી શખસે યુવતીનું માથું મોટર સાયકલમાં પછાડ્યું હતું. રશખરો યુવતીને ખેંચીને ઉમ પાસે થઈ ગયો અને યુવતીનો મોબાઈલ પણ કેંઠી દીધો હતો. યુવતીને પેટ પર લાતો મારી છબી બતાવી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. જે અંગે યુવતીએ રાજકો તાલુકા પોલીસ સ્ટેશનમાં શખસ વિરુદ્ધ ફરિયાદ નોંધાવી છે.

રાજકોટમાં જયુશના ધંધાર્થીની હરિફાઈમાં વૃધ્ધ ઉપર ધોકા વડે હુમલો

મુખ્ય સમાચાર, રાજકોટ

રાજકોટના સુભાષ નગરમાં આવેલ પુષ એપાર્ટ-પેન્ટમાં રહેતા અબ્દુલભાઈ આદમભાઈ મહેતર નામના વૃદ્ધ પોતાની ફરિયાદમાં જયેશ સોલંકી નું નામ આપના તેમની સાથે ફરિયાદ નોંપવામાં આવી છે. આ ફરિયાદમાં અબ્દુલભાઈએ જણાવ્યું હતું કે, હું અમીનમાર્ગ ટ્રેલે લે તડકા હોટલ પાસે, રાજકોટ ખાતે હાથલાનું જપુશ બનાવી અને વેચાય કરી મારૂ તથા માશ પરીવારનું ગુજરાન ચાલવુ છું. ગત તા.૦૩/૦૧ના સવારના આશરે સાડા અગીયારેક વાગ્યાની આસપરસ હું અમીન માર્ગ ખાતે ટ્રેસ સે તડકા હોટલ પાસે હાથલાનું જપુસ બનાવી વેચાયય કરતો હતો.

ત્યારે જયેશભાઈ સોલંકો તેઓની લાલી રોડની સામેની સાઈડ રાખી અને હાથલાના જપુશનું વેચાયા કરતા હતા.ત્યારે સાયલાના જપુરાની ખરીદી કરવા માટે આપેલા ગ્રાહક તેઓની ગાડી આ જયેશભાઈની લારી પાસે પાર્ક કરી અને મારી સારી ખાતે હાથલાના જયુશની ખરીદી કરવા માટે આવી ગયેલ હોય જે વાત આ જયેશભાઈને ન ગમતા તેઓ મારી બારી ખાતે આવેલ અને મને ગાળી આપવા લાગેલ તથા મારી સાથે બોલાચાલી કરવા લાવેલ જેથી બે આ જયેશભાઈને બોલાચાલી કરવાની ના પાડતા આ જયેશભાઈ એકદમ ઉશ્કેરાઈ ગયેલ અને તેઓની ધારીએ જઈને લોખંડનો પાઈપ લઈને આવેલ અને મને કહેલ કે, આજે તને પતાવી જ દેવો છે એમ કહી અને આ જયેશભાઈએ મને ડાબા હાથના કોણીના ઉપરના ભાગે તથા જમણા પીઠના પાછળના ભાગે અને પાછળ પીઠના ભાગે લોખંડનો પાઈપ મારી દેતા મને મુંઢ ઈજા પહોંચાડી હતી. આ મામાણે માલવીયા પોલીસમાં ફરિયાદ નોંધાઈ છે.

ભોમેશ્વર પ્લોટમાં વ્હોરા યુવકના શંકાસ્પદ મોતમાં બનાવ આત્મહત્યાનો હોવાનું ખુલ્યું

આત્મહત્યાના વિડીયો જોયા બાદ જાતે જ યુવકે છરીના ઘા ઝીંકી જીવનનો અંત આણ્યોઃ સ્યુસાઈડ નોટમાં પોતાની મિલકત બન્ને બહેનોને આપી દેવા લખ્યું

મુખ્ય સમાચાર, રાજકોટ

ભોમેશ્વર પ્લોટ શેરી નં ૮માં આવેલ બાબજી એવન્યુ બિલ્ડીંગના ચોથા માળે આવેલા ફલેટમાં એકલાં રહેતા અબ્બાસ યુસુફભાઈ મર્ચન્ટ (ઉ.૪૦ ની ગઈકાલે એપાર્ટમેન્ટની અગાસી પરથી કોહવાઈ લોહીથી લથપત હાલતમાં લાશ મળી આવી હતી.બનાવ હત્યાનો હોવાની આશંકાએ ગાંધીગ્રામ પોલીસ મથકનો સ્ટાફ દોડી જઈ તપાસ હાથ ધરતા યુવકે આત્મહત્યા કરી હોવાનું ખુલ્યું હતું.

આ અંગેની માહિતી મુજબ ભોમેશ્વર પ્લોટમાં રેલ્વે ફાટક પાસે બાબજી એવન્યુ નામના એપાર્ટમેન્ટમાં રહેતા અબ્બાસભાઈ યુસુફભાઈ મર્ચન્ટ (ઉ.૪૦) નામના યુવકને તેના બહેન ત્રણેક દિવસથી કોલ કરતા હતા.પરંતુ સંપર્ક થતો ન હતો.જેથી ગઈકાલે બપોરે તેના ફલેટે પહોંચી જોતા દરવાજો ખુલ્લો હોવાથી અંદર યુવક હાજર ન હતો. બાદમાં અગાસી પરથી તેની લોહીલુહાણ હાલતમાં લાશ મળી આવી હતી.તેમજ શરીરે છરીના ઘાના નિશાન જોવા મળ્યા હતા.બનાવના પગલે ડીસીપી ક્રાઈમ, ડીસીપી ઝોન-૨, એલસીબી, ગાંધીગ્રામ સહિતનો પોલીસ સ્ટાફ દોડી જઈ જરૂરી કાર્યવાહી કરી મૃતદેહને પીએમ અર્થે સિવિલ હોસ્પિ.માં ખસેડી તેના ફલેટની ઝડતી લેતા યુવકે આત્મહત્યા કરી હોવાનું તારણ નીકળ્યું હતું.તેના ફલેટમાંથી સ્યુસાઈટ નોટ મળી આવેલ જેમાં તે જીવનથી કંટાળી ગયાનું અને તેની મિલકત બન્ને બહેનોને આપી દેવાનો ઉલ્લેખ કરેલ હતો.હાલમાં તે કંઈ કામ ધંધો ન કરતો હતો.તેમજ તેની દુકાન પચકાર સોસાયટીમાં આવેલ છે. તે હાલ ભાડા પર હોય તેની આવક પરથી ગુજરાન કરતો હતો.યુવકના ફોનની હિસ્ટ્રીમાં સ્યુસાઈડ કઈ રીતે ન લાગે તેના વિડીયો પણ જોયા હતા.જેથી આ બનાવ હત્યાનો નહીં પણ આત્મહત્યાનો હોવાનું પોલીસની તપાસમાં ખુલ્યું છે.

મંગળારોડ પર અંધાધુધ ફાયરીંગ અને ગુજસીટોકના ગુનામાં ફરાર આરોપી કોર્ટમાં સરન્ડર

મુરઘા ગેંગના વધુ એક આરોપીની ધરપકડઃ ૭ આરોપીની શોધખોળ

મુખ્ય સમાચાર, રાજકોટ

શહેરમાં મંગળા રોડ પર અંધાધુધ ફાયરીંગના - ગુનામાં ફરાર મુરઘા ગેંગનો વધુ એક આરોપીની એસઓજીની ટીમે ધરપકડ કરી વિશેષ કાર્યવાહી કરી છે.અગાઉ પોલીસે પેડા અને મુરઘા ગેંગના ૧૭-૧૯ શખસોની ધરપકડ કરી હતી જયારે વધુ એક ફરાર મુરઘા ગેંગનો આરોપી ગોંડલ કોર્ટમાં સરેન્ડર થતા તેની ધરપકડ કરી વધુ બન્ને ગેંગના ૩-૩ આરોપીઓને પકડી લેવા દોડધામ કરી છે.

આ અંગેની માહિતી મુજબ પેડા અને મુરઘા ગેંગ વચ્ચે ચાલતા ડખ્ખામાં બે માસ પુર્વે મંગળા રોડ પર સામસામે અંધાધુધ ફાયરીંગના મામલે પોલીસ એકશનમાં આવી હત્યાની કોશીષ સહીતનો ગુનો નોધી તપાસ એસઓજીને સોંપવામાં આવી હતી જેમા સાગરીત રાજપાલ ઉર્ફે રાજો જાેજા અને મુરઘા ગેંગનો સમીર ઉર્ફે મુરઘો પઠાણ સહિતના સામે ગુનો નોધી અગાઉ ૧૭-૧૭ બન્ને ગેંગના આરોપીઓની ધરપકડ કરવામાં આવી હતી જયારે વધુ આરોપીઓને પકડી લેવા કાર્યવાહી કરી હતી જેમા ફાયરીંગના ગુનામાં ફરાર મયુર બાબુભાઈ પરમાર ગોંડલની કોર્ટમાં સરેન્ડર થતા એસઓજીના પીઆઈ એસએમ જાેજા સહીતની ટીમે તેની અટકાયત કરી તેની ધરપકડ કરી વધુ પુછતાછ માટે રિમાન્ડ મેળવવા કોર્ટ હવાલે કરવાની કાર્યવાહી કરી હતી.

પોલીસની તપાસમાં અગાઉ પોલીસે પેડા ગેંગના રાજપાલ ઉર્ફે રાજો જાેજા સહિત ૧૭ તેમજ મુરઘા ગેંગના સમીર ઉર્ફે મુરઘો પઠાણ સહીત ૧૭ આરોપીઓની ધરપકડ કરી હતી જયારે મુરઘા ગેંગના વધુ એક આરોપીની ધરપકડ કરી છે. જયારે મુરઘા ગેંગના મુખ્ય સાગરીત સંજલા સહીતના વધુ આરોપીઓને પકડી લેવા કાર્યવાહી કરી છે.

જૂનાગઢનો લિસ્ટેડ બુટલેગર ધીરેન કારીયા સાત મહિને અજમેરથી ઝડપાયો

ગુજસીટોક અને ભેંસાણના દારૂના કેસમાં વોન્ટેડ હતોઃ નામચીન બુટલેગરને પકડવા માટે પોલીસે પોસ્ટરો લગાવ્યા હતાઃ કુલ ૬૧ ગુના નોંધાયા છે

મુખ્ય સમાચાર, જૂનાગઢ

ગુજરાતના ટોપ ૨૫ લિસ્ટેડ બુટલેગરોના લીસ્ટમાં આવતો જૂનાગઢનો ધીરેન કારીયા આખરે સાત મહિના પછી રાજસ્થાનના અજમેરમાંથી ઝડપાયો છે, તેને પકડવા માટે પોલીસે પોસ્ટરો લગાવી ઈનામ જાહેર કર્યું હતું. અને આખરે તે અજમેર હોવાની હકીકત મળતા એલસીબીએ તેને ઝડપી લઈને ધરપકડ કરી છે. તેની સામે અત્યાર સુધીમાં ૬૧ જેટલા ગુનાઓ પોલીસ દફ્તરે નોંધાઈ ચુક્યા છે.

ડીવાયએસપી રવિરાજસિંહ પરમારે જણાવ્યું કે. રાજ્યના લીસ્ટેડ બુટલેગર તથા સાતેક મહિનાથી સંગઠીત ગુન્હાહિત ગેંગના લીડર ઈનામી વોન્ટેડ આરોપી ધીરેન અમૃતલાલ કારિયા (૨હે,રાયજીબાગ, નોબલ પ્લોટીનમ, બ્લોક-૮૦૧) પોતાના ગુનેગાર સાગરીતો સાથે મળીને હરિયાણા, રાજસ્થાન, પંજાબ, દમણ રાજ્યમાંથી ભારતીય બનાવટના વિદેશી દારૂની હેરફેર કરવા માટે ખોટા દસ્તાવેજો બનાવી આર્થિક સંગઠીત ગુના આચરતી ટોળકી બનાવેલ છે.

જે ગેંગ સામે સી ડિવીઝન પોલીસમાં ગુજસીટોકનો ગુનો દાખલ કરવામાં આવ્યો હતો. જે ગેંગના આઠ સભ્યો ઉદય નરોતમ દવે (દિપાલી પાર્ક), વિપુલ સુરા સુરેજા (ધંધુસર), અજય રૂડા કોટીયાતર (ગાંધીગ્રામ), સમીર ડોસા કોટીયાતર (ગાંધીગ્રામ), ભાવેશ માલદે બંધીયા (શ્રીનાથનગર), કિરીટ ભગા છેલાણા (સિંધીસોસાયટી), પરમ ધીરેન કારિયા (રાયજીબાગ), ભૂપત પુંજા કોટીયાતર (ગાંધીગામ) ની અગાઉ ધરપકડ કરી લેવામાં આવી હતી.અને મુખ્ય સુત્રધાર ધીરેન ફરાર હતો, તેને પકડવા માટે ગુજસીટોકની સ્પેશીયલ કોર્ટમાંથી પકડ વોરંટ અને ભાગેડુ જાહેર કરીને પકડવા માટે પોસ્ટરો લગાવ્યા હતા, જે અરસામાં સાત મહિના પછી તે રાજસ્થાનના અજમેર જિલ્લાના આદર્શનગર પોલીસ સ્ટેશન વિસ્તારમાં હોવાની હકીકત મળતા જૂનાગઢ એલસીબી પી.આઈ. ફુલાણ પટેલ સહિતના સ્ટાફે તેને ઝડપી લીધો છે. હાલ તેની ધરપકડ ભેંસાણ પોલીસ સ્ટેશનના દારૂના કેસમાં કરવામાં આવી છે. તેની સામે રાજ્યના અલગ અલગ પોલીસ સ્ટેશનમાં ૬૧ જેટલા ગુનાઓ નોંધાયેલા છે.

ગોંડલમાં સરાજાહેર પરિણીતાની સાડી ખેંચી છેડતી

તારો છોકરો મારા છોકરાને કેમ મારે છે તેમ કહી બોલાચાલી કરીઃ બી ડિવિઝન પોલીસમાં બનાવ અંગે સામસામી ફરિયાદ નોંધાઈ

મુખ્ય સમાચાર, ગોંડલ

જસદણ પંથકની વતની અને હાલ ગોંડલમાં રહેતી ૨૬ વર્ષીય પરિણીતાએ આરોપી તરીકે રામજી સોલંકી, શિલ્પાબેન સોલંકી, દુધિબેન સોલંકીનું નામ આપતાં બી ડિવિઝન પોલીસની ટીમે એટ્રોસિટી એકટ સહીતની કલમો હેઠળ ગુનો નોંધી કાર્યવાહી કરી હતી.

પરિણીતાએ ફરિયાદમાં જણાવ્યું હતું કે, તે ઘરે એકલી રસોઈ બનાવતી હતી. દરમિયાન ડેલીએથી કોઈએ બોલાવેલ જેથી ડેલી બહાર ગયેલ ત્યાં પાડોશમાં રહેતા રામજીભાઈ ડેલી પાસે ઉભા હતા. તારો છોકરો મારા છોકરાને કેમ મારે છે તેમ કહી બોલાચાલી કરી શખસે ઉશ્કેરાઈને પરણિતાને ગાળો અને ગાલ ઉપર તમાચો મારતા તેને ધક્કો મારીને ફુર કર્યાબાદ ફરીથી પાસે ધસી આવીને સાડી ખેંચી હતી.બનાવ અંગે ૧૧૨ હેલ્પલાઈનમાં ફોન કરી પોલીસ મથકે ફરિયાદ નોંધાવવા દોડી ગયા હતા.

વધુમાં ફરિયાદ નોંધાવતા પરિણીતાએ જણાવ્યું હતું કે, તેમનો ત્રણ વર્ષીય દીકરો અને રામજીભાઈનો દીકરો પૃથ્વી બહાર શેરીમાં રમતા રમતા બંને બાળકો ઝઘડેલ હતા. જે બાબતે હુમલો કરવામાં આવેલ હતો. જયારે સમાધ્રક્ષે વળતી ફરિયાદ નોંધાવતા યાર્ડ પાછળ રહેતી ૩૫ વર્ષીય પરિણીતા શિલ્પાબેન રામજીભાઈ સોલંકીએ પરિણીતા, તેના સાસુ-સસરા અને જેઠનું નામ આપ્યુ હતુ. બનાવને પગલે સમાધ્રક્ષે પણ બી ડિવિઝન પોલીસની ટીમે બે મહિલા સહિત ચાર વિરુદ્ધ ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી હતી.

લક્ષ્મીનારાયણ સોસાયટીમાં પાલતુ કૂતરાએ યુવક પર હુમલો કર્યો હોવાનો ખાર રાખી પરિવાર પર હુમલો

કારમાં ધસી આવેલા શખસોએ ઘર પર પથ્થર ઝીંકી જાનથી મારી નાખવાની ધમકી આપી

મુખ્ય સમાચાર, રાજકોટ

શહેરમાં નવા ૧૫૦ ફૂટ રીંગ રોડ પર લક્ષ્મીનારાયણ સોસાયટીમાં પાલતુ કૂતરાએ એક યુવક પર હુમલો કર્યો હોય આ વાતનો ખાર રાખીને બે કારમાં ધોકા-પાઈપ જેવા હથિયાર લઈને ધસી આવેલા ૬ શખસોએ દંપતીના ઘર પથ્થરમારો કરી આંતક મચાવતાં પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

આ અંગેની વિગતો મુજબ, નવા ૧૫૦ ફૂટ રીંગ રોડ નજીક આવેલી લક્ષ્મી નારાયણ સોસાયટીમાં રહેતા અને મનપામાં કોન્ટ્રાક્ટ પર સફાઈ કામદાર તરીકે ફરજ બજાવતાં ફરિયાદી જોસનાબેન દીપકભાઈ પરમાર (ઉ.વ. ૨૮)એ આરોપી તરીકે રામ સોલંકી, તુફાન બાબરીયા, લાલુ ચંદુભાઈ મૈયડા સામે ફરિયાદ નોંધાવતા જણાવ્યું હતું કે, તેમના ઘરની બાજુમાં આવેલ વંડો જે રામભાઈ સોલંકી, તુફાનભાઈ બાબરીયા અને લાલુભાઈ મૈયડાનો હોય ત્યાં કેટલાક શખસો બેસી રહે છે. ગત રવિવાર સાંજે ૭:૩૦ વાગ્યાની આસપાસ એક માણસ પાણી લેવા ઘરમાં ઘૂસતા જોસનાબેનનો પાળેલ કૂતરો તેની તરફ દોડ્યો હતો. કેકારો થતાં જોસનાબેન અને તેમના પતિ દીપકભાઈએ બહાર આવીને જોયું તો તે યુવકને સામાન્ય ઉજરડો પડ્યો હતો. દંપતીએ યુવકને સમજાવ્યું કે કૂતરાને વેક્સિન આપેલી છે એટલે ચિંતા જેવું નથી, પરંતુ તે યુવક ઉશ્કેરાઈ ગયો હતો. અને બોલાચાલી કર્યા બાદ તેણે ફોન કરતા બે કારમાં ત્રણેય આરોપીઓ અને તેમની સાથે કેટલાક શખસો ધસી આવ્યા હતા. આરોપીઓ ધોકા-પાઈપ લઈને દંપતીને મારવાનો પ્રયાસ કરતા બચવા માટે બંને પોતાના ઘરમાં ઘૂસી ગયા હતા. જે બાદ ઘર પર પથ્થરમારો શરૂ કર્યો હતો, જેમાં જોસનાબેન અને તેમના પતિને મૂંઢ ઈજાઓ પહોંચી હતી. બનાવ અંગે પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

જમીન-મિલકતના ડખ્ખામાં વેપારીને જાનથી મારી નાખવાની ધમકી

મુખ્ય સમાચાર, રાજકોટ

યુનિવર્સિટી રોડ પર યશરાજ કોમ્પ્લેકસમાં રહેતા ૬૦ વર્ષીય અજયભાઈ ભાઈચંદભાઈ ગઢીયાએ આરોપી શૈલેષગાંડુભાઈ બોરીયા અને જીતુ જોષી વિરૂદ્ધ યુનિવર્સિટી પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતા જણાવ્યું હતું કે, તેઓ લોખંડના વાયરનો વેપાર કરે છે. વર્ષ ૨૦૨૧માં જીતુ મારફતે શૈલેષની 'લાયન સ્ટાર એક્ષપોર્ટ' કંપનીની સણોસરા ખાતેની લોખંડની ફેક્ટરી અને મિતાણા ખાતેના ૫૧ રેસિડેન્શિયલ પ્લોટનો સોદો ૩.૩૦ કરોડમાં કરી વેચાણથી લીધા હતા. જે અંગેની રકમ પણ વેપારીએ શૈલેષની બેંક લોન પેટે નાણાં ભરી દીધા હતા. જેના બદલામાં તેમને ફેક્ટરીનો દસ્તાવેજ મળી ગયો હતો. જોકે, બાકીના ૫૧ પ્લોટના દસ્તાવેજ બાબતે વિવાદ સર્જાયો હતો. આરોપી શૈલેષને સોદો ૮.૯૧ કરોડમાં થયો હોવાનું કહી વધુ નાણાંની માંગણી કરી હતી. આ બાબતે રાજકોટ અને મોરબીની સિવિલ કોર્ટમાં કેસ ચાલુ હોવાથી તેનો ખાર રાખી ગત તારીખ ૦૧/૦૮/૨૫ ના બને તેમના ઘરે આવ્યા હતા આરોપી શૈલેષ બિલ્ડિંગ નીચે ઊભો હતો અને તેના કહેવાથી જીતુ જોષી વેપારીના ઘરે જઈ કોર્ટ કેસ પાછો ખેંચી લેવા માટે દબાણ કરી, ઝઘડો કર્યો હતો અને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. બનાવ અંગે ફરિયાદીએ જે તે સમયે પોલીસ મથકમાં અરજી કરતા તપાસના અંતે આખરે ગુનો નોંધાયો છે.

આંબેડકર નગરમાં સોપારી લઈ યુવક ઉપર છરીથી હુમલો કરી ધમકી આપી

મારામારીના કેસમાં સાક્ષી રહેતા લૂખ્ખાગીરી આચરીઃ દંપતી સહિત પાંચ શખસો સામે ગુનો નોંધાયો, શોધખોળ

મુખ્ય સમાચાર, રાજકોટ

આંબેડકર નગરમાં રહેતા ગીરધરભાઈ પુજાભાઈ સોલંકી (ઉ.૩૭) નામનો યુવક તેના ઘર પાસે હતો ત્યારે ગૌરવ ઉર્ફે ગવો શકિતભાઈ રાઠોડએ છરી સાથે ધસી આવી હુમલો કર્યો હતો.જેથી ગીરધરે સમજાવવા જતા ગૌરવે કહ્યુ કે મને પ્રકાશે મારી નાખવાની સોપારી આપી છે. જેથી તેને પ્રકાશ કયા છે. તેને પ્રકાશ બાજુની શેરીમાં ઉભો હોવાનુ કહેતા તે ગીરધરને લઈને બાજુની શેરીમાં ગયો હતો ત્યા પ્રકાશએ આવીને આજે તો તને મારી જ નાખવો છે. તવી ધમકી આપી મારી સાથે મારામારી કરી હતી. દેકારો થતા પ્રકાશે ગીરધર પાસેથી છરી લઈને નેકામાં નાખી દિધી હતી. જેથી ગીરધર જાન બચાવી નાસી ગયો હતો.

દરમ્યાન ઘેર પાસે રાત્રીના ઉભો હતો તે દરમ્યાન મિત્ર ધવલનો ફોન આવ્યો અને પ્રકાશ સહિતના મારી પાછળ છરી લઈને દોડયા છે. જેથી તેને બચાવવા જતા પ્રકાશ અને તેની પત્ની સહીતનાઓ તેને ઢીકાપાટુનો મારમાર્યો હતો અને પ્રકાશે છરીની મુંઢ મારતા તેને ઈજા થતા દોડીને થોરાળા પોલીસ મથકમાં ધુસી જતા હિતેશ ઉર્ફે ટકો, પ્રકાશ સહીતનાઓ પોલીસ મથકમાં ધુસી ધમકી આપી નાસી જતા પોલીસે તેને સારવાર માટે હોસ્પીટલમાં ખસેડાયો હતો

પોલીસની પુછતાછમાં અગાઉ ધવલ ઉપર પ્રકાશ સહીતે હુમલો કર્યો હતો ત્યારે ફરીયાદ થતા ગીરધરભાઈ સાક્ષી તરીકે હોય જેનો ખાર રાખી હુમલો કર્યો હોવાનુ જણાવતા પોલીસે ગૌરવ, પ્રકાશ, પ્રકાશની પત્ની અને પ્રકાશના ભાઈની પત્ની અને હિતેશ ઉર્ફે ટકા સામે ગુનો નોધી આરોપીઓની ધરપકડ કરવાની કાર્યવાહી કરી છે. પોલીસે અગાઉ ગુનામાં કરાર પ્રકાશ સહિતના આરોપીઓ સામે વધુ એક ગુનો નોંધી કાર્યવાહી કરી છે.